સુવિચાર
ઈશ્વરને મંદિર કરતાં મનુષ્યનું હૃદય પસંદ છે. કારણ કે મંદિરમાં માણસનું ચાલે છે જ્યારે હૃદયમાં ઈશ્વરનું ચાલે છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂ. ૩.૦૦
તા. ૧૧/૦૨/૨૦૨૫, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર


# અમરેલી એક્સપ્રેસ


અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૧ મહા સુદ-૧૪ વર્ષ : ૧૬ અંક : ૦૫૧

SINCE 1999
હરિ ૐ
PENDAWALA
વાટીદાળના ખમણ
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

પથરી પ્રોસ્ટેટ કીડનીના દર્દીઓ માટે
નિ:શુલ્ક નિદાન કેમ્પ
તારીખ : ૧૩-૦૨-૨૦૨૫,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
નોંધ: નામ નોંધાવવુ ફરજીયાત છે.

કીડની


પ્રોસ્ટેટ

પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૨૩૦૦૦

## સૌ પ્રથમ સરકારી કચેરીઓ આસપાસ ટ્રાફિક પોલીસ તપાસ શરૂ કરશે

# અમરેલી જિલ્લામાં આજથી હેલ્મેટનાં નિયમની અમલવારી શરૂ

### માર્ગ અકસ્માતમાં થતાં મૃત્યુ સહિતનાં બનાવો અટકાવવા માટે ટુ વ્હીલર ચાલક માટે હેલ્મેટ પહેરવું જરૂરી

### સરકારી કર્મચારીઓ નિયમનું પાલન સૌપ્રથમ કરે તે માટે રાજયનાં પોલીસ વડા દ્વારા પરિપત્ર જાહેર

### અમરેલી જિલ્લા સહિત રાજયભરની સરકારી કચેરીઓનાં પ્રવેશદ્વાર પાસે ટ્રાફિક પોલીસ તૈનાત કરાશે

### સરકારી કર્મચારીઓ હેલ્મેટ વગર બાઈક ચલાવશે તો નિયમાનુસાર થશે કાર્યવાહી

અમરેલી, તા. ૧૦

રાજયનાં પોલીસ વડા વિકાસ સહાય દ્વારા આજે હેલ્મેટ પહેરવામાટેખાસપરિપત્ર જાહેર કરતાં જણાવેલ છે કે, ગુજરાતરાજયનાંતમામ સરકારી અધિકારી તથા કર્મચારીઓ રાજયનાં જવાબદાર નાગરિક તરીકે ઓળખધરાવેછે. તેઓબીજાનાગરિકો માટે "રોલમોડલ"બનેતેવીતેમનીપાસે અપેક્ષા રાખવામાં આવે છે. સરકારી કર્મચારીઓ દ્વારા તમામ નિયમોનું પાલન થાય તે અપેક્ષિત છે અને જરૂરી પણછે.

ત્યારે ગુજરાત રાજયમાં હેલ્મેટનાનિયમનુંઅમલીકરણ કરાવવું ખૂબજરૂરીછે કે જેથી રોડ અકસ્માતના કારણે થતાં મૃત્યુ અને ગંભીર ઈજાઓ ઉપર અંકુશ લાવી શકાય. ગુજરાત રાજયમાં હેલ્મેટના નિયમનો અમલ રાજયના તમામ સરકારી અધિકારીઓ અનેકર્મચારીઓકરેતેમાટેઆવતીકાલ તા. ૧૧/૨/૨૦૨૫થીગુજરાતરાજયનાં તમામસરકારીકચેરીઓનાપ્રવેશદ્વાર પાસે ટ્રાફીક પોલીસનું ડીપ્લોયમેન્ટ કરી અસરકારક કાર્યવાહી કરાવવા માટે જિલ્લા પોલીસ વડાને સુચના આપેલછે.

આ પરિપત્રના પગલે આવતીકાલથીઅમરેલીજિલ્લામાંપણ હેલ્મેટના નિયમનો અમલ સરકાર અધિકારીઓ અને કર્મચારીઓ કરે તે માટેના તમામ સરકારી કચેરીઓના પ્રવેશદ્વાર પાસે ટ્રાફીક પોલીસનું ડીપ્લોયમેન્ટકરીઅસરકારકકાર્યવાહી કરાવવામાંઆવનારછે.

નારી હોસ્પિટલ
વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)

ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
સરનામું
નારી હોસ્પિટલ
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી / ફોન નં.(૦૨૭૯૨) ૨૨૧૩૨૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
76,200/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૦/૦૨/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

## અજાણ્યા ફોર વ્હીલ વાહનમાં બેસતા પહેલા વિચારવું જરૂરી

# અમરેલી જિલ્લામાં ફોર વ્હીલમાં મુસાફરોને બેસાડીને નાણા અને દાગીના સેરવી લેવાની ઘટના શરૂ થતાં ચકચાર

### ૨ દિવસમાં ૨ ઘટનાની ફરિયાદ સ્થાનિક પોલીસમાં નોંધાતા તપાસ શરૂ

અમરેલી, તા.૧૦

ખાંભા પંથકમાંફોરવ્હીલમાં મુસાફરોને બેસાડી અને ફોરવ્હીલના ચાલક તથા તેમની સાથેના અજાણ્યા પુરૂષ તથા એક અજાણી સ્ત્રી મુસાફરોએ પહેરેલસોનાનાદાગીનાસેરવીલેતાંહોય આ અંગે બે દિવસમાં બે પોલીસ ફરિયાદ પોલીસમાં નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ બનાવમાં ખાંભા તાલુકાના કંટાળા ગામે રહેતા કાનાભાઈ નારણભાઈ કવાડ નામના ૬૦ વર્ષિય વૃધ્ધ ગત તા. ૬ના રોજ બોરાળા ગામેથી હનુમાનપુર જવાના રસ્તે બેઠેલ હોય તે દરમ્યાન ખાંભા બાજુથી ફોર વ્હીલ નં- જીજે-૧૩-એબી-૧૩૪૭ના ડ્રાઈવર તથા તેની સાથેના અજાણ્યા બે પુરૂષ તથા એક સ્ત્રી બેઠેલા હોય તેમણે આ વૃધ્ધને તેમની ફોર વ્હીલમાં બેસાડી દઈ વૃધ્ધના ખમીસના સોનાના બટન નંગ-૩ વૃધ્ધની જાણ બહાર રૂપિયા ૪૫,૦૦૦ ગણી ચોરી કરી લઈ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગીર ગઢડા તાલુકાના ધોકડવા ગામે રહેતા મંગુબેન સાજણભાઈ ગુજજર નામના ૫૫ વર્ષિય મહિલા તથા અન્ય લોકોને ગત તા. ૬ના રોજ બપોરના ૨:૩૦ વાગ્યાના અરસામાં કોઈ અજાણ્યા આરોપી ફોરવીલકારનાચાલકતથાતેનીસાથેના

અનુસંધાન પાના ૬ ઉપર

### દામનગર-ઢસા માર્ગ ઉપરની ઘટના

# માર્ગની કડ ઉપર કાર ચડી જતાં ચાલકનું મોત નિપજયુ

### બિસ્માર માર્ગનાં કારણે અકસ્માતની ઘટના બની

અમરેલી, તા. ૧૦

ગઢડા તાલુકાના ઢસા ગામે ભાવનગર રોડ ઉપર આવેલ બંશીધર ઓઈલમીલની બાજુમાં રહેતા આરોપી જયેશભાઈ અરવિંદભાઈ મકવાણા

અનુસંધાન પાના ૬ ઉપર

આમ આદમીનું અખબાર
વાર્ષિક લવાજમ યોજના ૨૦૨૫
અમરેલી એક્સપ્રેસ
સચોટ - સટીક - સાતત્ય સભર દૈનિક
લાવી રહ્યું છે આપના માટે લવાજમ યોજના

લવાજમ ભરવા માટે અમારા સ્થાનિક એજન્ટનો સંપર્ક કરો
કોટડાપીઠા : ભરતભાઈ મહેતા - ૯૪૨૯૧ ૩૯૮૫૬
બાબરા : રાજુભાઈ બસીયા - ૯૯૨૫૪ ૬૬૪૪૪
પંકજભાઈ ઈન્દ્રોડીયા - ૯૪૦૮૧ ૫૮૯૦૧
ચિતલ : જસવંતગઢ
ભરતભાઈ અમરેલીયા - ૭૯૮૪૭ ૩૫૩૧૫
દામનગર : નટુભાઈ ભાતીયા - ૯૪૨૯૧ ૩૯૪૨૨
લીલીયા મોટા : બીપીનભાઈ સ્વાણી - ૯૪૨૭૪ ૨૭૨૧૭
વીજપડી : પ્રફુલભાઈ નગદીયા - ૯૯૦૪૮ ૦૨૪૦૭
આંબરડી (સા.કું.) : સુભાષભાઈ સોલંકી - ૮૫૧૧૪ ૬૦૪૦૦
રાજુલા : યોગેશભાઈ કાનાબાર - ૯૦૬૭૫ ૭૪૭૩૭
જાફરાબાદ : ભરતભાઈ બારૈયા - ૮૧૫૩૦ ૯૨૬૧૬
કોવાયા : સુમરાભાઈ વાઘ - ૯૯૯૮૭ ૨૩૯૯૯
ઉના : ધર્મેશ જેઠવા - ૯૭૧૨૦૧૦૦૫૮
કુંકાવાવ : રાજુભાઈ યાદવ - ૯૯૭૮૧ ૩૪૪૩૪
મોટા આંકડીયા : મનોજભાઈ ત્રિવેદી - ૯૯૭૯૨ ૧૦૭૨૭
બગસરા : સમીર વિરાણી - ૯૯૭૮૧ ૩૩૧૩૪
બાબાપુર : હસમુખભાઈ રાવળ - ૯૯૭૮૫ ૧૫૨૧૪
ધારી : નિઝારભાઈ ચાવડા - ૯૭૨૬૫ ૯૨૮૭૬
ચલાલા : પ્રકાશભાઈ કારીયા - ૯૯૨૫૩ ૩૦૯૭૯
ખાંભા : ભાવિકભાઈ કલસરીયા - ૯૫૮૬૮ ૩૮૪૦૯
લવાજમની મુદ્દત
તા.૦૧-૦૧-૨૦૨૫ થી તા.૩૧-૧૨-૨૦૨૫
લવાજમ ભરો
₹ ૮૯૯/-
અને મેળવો આખું વર્ષ અમરેલી એક્સપ્રેસ...
એજન્ટો તથા ગ્રાહકોએ લવાજમ યોજનાની રકમ ભરપાઈ કરીને પાકી પહોંચ મેળવવાની રહેશે.
અમરેલી શહેરમાં લવાજમ ભરવા માટે
ઓમ ન્યુઝ એજન્સી
સુધરાઈ શોપીંગ સેન્ટર, ક્રિષ્ના ટ્રાવેલ્સની ગલીમાં, ડો. જીવરાજ મહેતા ચોક, અમરેલી.
સુમીત ચંદારાણા - મો. નં. ૮૭૩૫૦ ૧૨૮૨૭
www.amreliexpress.com
e-mail : amreliexpress7@gmail.com
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨, મો. ૯૮૨૫૦૦૭૪૪૩

## ટેકાનાં ભાવે ખરીદી કરવામાં પ્રથમ સ્થાન

# અરે વાહ : ખાંભા માર્કેટયાર્ડમાં તમામ ખેડૂતોની મગફળીની ખરીદી

યાર્ડમાં અપુરતી સુવિધા હોવા છતાં પણ ૧૦૦ ટકા ખરીદી કરવામાં આવી

ગુજકોમાસોલ દ્વારા માર્કેટયાર્ડની કામગીરીની સરાહનીય નોંધ લેવામાં આવી

૨૬૮૫ ખેડૂતોને ૬૬ કરોડથી વધુ રકમનું ચુકવણું કરવામાં આવ્યું

માર્કેટયાર્ડનાં તમામ કર્મચારીઓએ પણ સારી જહેમત ઉઠાવી



તસ્વીર : ભાવીક કલસરિયા–ખાંભા

ખાંભા, તા. ૧૦

ખાંભામાં રેકર્ડ બ્રેક મગફળી ખરીદીમાં અવ્વલ નંબર પર રહ્યું હતું. ખાંભાના તમામ રજીસ્ટ્રેશન ખેડૂતોની મગફળી ખરીદીની ૧૦૦% કામગીરી કરવામાં આવી હતી. ખાંભા તાલુકાના ૨૬૮૫ જેટલાં ખેડૂતોની મગફળી ટેકાના ભાવે ૨.૭૦ લાખ ગુણી ખરીદી કરી ૬૬ કરોડ જેટલી રકમનું ચુકાવાણું કરવામાં આવ્યું હતું.

ખાંભા માર્કેટિંગ યાર્ડ ખાતે ગુજકોમાંસોલની આગેવાનીમાં ૧૮/૧૧/૨૦૨૪ થી ટેકા ના ભાવે મગફળીની ખરીદી કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. ખાંભા તાલુકાના ૨૭૧૫ જેટલાં ખેડૂતોએ મગફળી વેચાણ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જેમાં ૨૬૮૫ ખેડૂતોએ ૨.૭૦ લાખ ગુણી મગફળી જેની કિંમત અંદાજે ૬૬ કરોડ રૂપિયા જેટલી થાય છે અને આ તમામ ખેડૂતોની ખાંભા માર્કેટિંગ યાર્ડ ખાતે સમય મર્યાદામાં ૧૦૦% ખરીદી કરવામાં આવી હતી. જયારે આ ખરીદી ૧૦૦% કરવા માટે ખેડૂતો માટે માર્કેટિંગ યાર્ડ ખાતે ચાર દિવસ તમામ હરરાજી બંધ રાખી હતી અને જયારે ખાંભા માર્કેટિંગ યાર્ડ પાસે પૂરતા સંસાધન ના હોવા છતાં ટેકાના ભાવે મગફળીની ખરીદીમાં ૧૦૦% કામગીરી કરવા માં આવી હતી. રાત્રીના ખેડૂતોને તકલીફ ના પડે તે માટે યાર્ડ દ્વારા તકેદારી રાખવામાં આવી હતી. આમ ગુજકોમાસોલ અને ખાંભા માર્કેટિંગ યાર્ડનું આયોજનબદ્ધ કામગીરીમાં યાર્ડના ચેરમેન વિનુભાઈ રૈયાણી, સેક્રેટરી વિનોદભાઈ માંડણકા, ખેડૂત આગેવાન વિપુલભાઈ શેલડીયા ભાડ, અજમેરીભાઈ, ભવદીપભાઈ, ગોપીભાઈ બારોટ વગેરેએ ભારે જેહમત ઉઠાવી હતી. જયારે છેલ્લા દિવસોમાં ખેડૂતોના મગફળીના વાહનોની લાંબી કતારની રાત્રીના દેખરેખ માટે ચોકીદાર ઉપરાંત પદાધિકારીઓ તેમજ યાર્ડના કર્મચારીઓ રાત્રીના પેટ્રોલિંગ પણ કરતા હતા. જયારે આ મગફળી ખરીદીમાં ખાંભા માર્કેટિંગ યાર્ડની મગફળી ખરીદીના લક્ષ્યાંકની ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ પણ નોંધ લીધી હતી.

---

### ખેડૂતોએ લોહી–પાણી એક કરીને તૈયાર કરેલ પાકનું વળતર શરૂ

## સાવરકુંડલા : માર્કેટયાર્ડમાં નવા જીરૂની આવક શરૂ થતાં રૂા. ૪૮૫૧નાં ઉંચો ભાવ બોલાયો

મુર્હુતનાં સારા ભાવ મળતા ખેડુતો ખુશખુશાલ



સાવરકુંડલા, તા. ૧૦

સાવરકુંડલા માર્કેટયાર્ડમાં સિઝનના નવા જીરૂની આવક ધજડી ગામનાં ખેડૂત માધવજીભાઈ શામજીભાઈ કોઠીયાએ મારૂતિ ટ્રેડિંગના કમીશનમાં વેંચવા માટે આવેલ. સિઝનના નવા જીરૂની આવકનાં આજરોજ શ્રી ગણેશ થયેલ હોય જેનું ચેરમેન દિપકભાઈ માલાણીનાં માર્ગદર્શનથી વિધીસર પુજન કરી શ્રીફળ વધેરીને ખેડૂતો તથા વેપારીઓનું મો મીઠુ કરાવીને હરરાજીની શુભ શરૂઆત કરવામાં આવી અને જીરૂ ખરીદનાર વેપારીઓ તેમજ યાર્ડનાં સેક્રેટરી જે.વી. માલાણી તેમજ સ્ટાફગણ અને ડીરેકટરઓની ઉપસ્થિતીમાં ખરીદનાર વેપારીઓમાં મુર્હુતના જીરૂ ખરીદવા માટે બોલીઓ બોલવામાં આવતા વેપારી શિવ એન્ટરપ્રાઈઝ દ્વારા રૂા.૪૮૫૧ ની ઉચી બોલી બોલીને જીની ખરીદ કરેલ. જેથી મુર્હૂતના સારા ભાવ બોલાતા ખેડૂતોમાં પણ ખુશીનો માહોલ છવાયો હતો.

---

### ચલાલા ખાતે પુ. ઉદગીરીબાપુનાં તિથિ મહોત્સવની ઉજવણી કરાઈ



ચલાલા, તા. ૧૦

ચલાલા ભીમનાથ મહાદેવ મંદિર પરીવાર અને પુજારી મોન્ટુબાપુ ગોસાઈ દ્વારા સહુ પ્રથમ વખત દોશી પરીવારના મેઘજીબાપાની વ્હારે આવી બહારવટીયા સામે ઢીંગાણામાં શહિદિ વ્હોરી લેનાર એવા પુજય ઊદયગીરીબાપુની પ્રથમ વખત ભીમનાથ મહાદેવ મંદિર પરીવાર અને પુજારી મોન્ટુબાપુ પરીવાર દ્વારા તિથિ મહોત્સવની ખુબ જ ભકિતમય વાતાવરણમાં ઉજવણી કરવામા આવી હતી. આ તકે બપોરના સમુહ મહા આરતી, સમુહ ભોજન પ્રસાદ, પુજન, દર્શનનો પરીવાર સહીત મિત્ર મંડળે અમુલ્ય લાભ લઈ ધન્યતા અનુભવી હતી તેમ પ્રકાશ કારીયાએ જણાવેલ છે.

---

### રૂપિયા ૧.૬૧ લાખ ઘરભેગા કર્યાનો આક્ષેપ

## લીલીયા મોટાનાં આંબા ગામની સહકારી મંડળીનાં મંત્રી સામે ઉચાપતની રાવ

મંડળીનાં પ્રમુખે પોલીસમાં લેખિતમાં અરજી આપી

લીલીયા, તા. ૧૦

લીલીયા તાલુકાના આંબા મુકામે ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળીના પ્રમુખ જીગ્નેશભાઈ સાવજ તથા વ્યવસ્થાપક કમિટીના સદસ્યો દ્વારા આજરોજ તારીખ ૧૦/૨/૨૦૨૫ નારોજ લીલીયા પોલીસ સ્ટેશનમાં સહકારી મંડળીના મંત્રી અશોકભાઈ ભાયલાલભાઈ મહેતા રહે. ગાયત્રી સોસાયટી હાથસણી રોડ સાવરકુંડલાની વિઢદ્ધ રૂપિયા ૧,૬૧,૨૫૦૦૦ની ઉચાપત કરી ગયા હોવાની પોલીસ ફરિયાદ આપતા સહકારી જગતમાં ચર્ચાનો વિષય બનવા પામેલ છે.

આ અંગે સહકારી મંડળીના પ્રમુખે જણાવ્યું હતું કે મેં અમારી મંડળીના મંત્રી અશોકભાઈ ભાયલાલભાઈ મહેતા સાથે વાત કરતા તેમણે જણાવ્યું હતુ કે અમારા જમાઈ ભાર્ગવભાઈ દોલતરાય ઠાકર રહે. ગાયત્રી સોસાયટી હાથસણી રોડ સાવરકુંડલા અને જીગ્નેશભાઈ ભાઈશંકરભાઈ ઠાકર (જીગ્નેશદાદા) પાસેથી સદર રકમ આવવાની છે અને જે અંગે બેંકના અધિકારી રૂબરૂ ઉપરોકત બંને વ્યકિત સાથે રૂબરૂ વાતચીત પણ થયેલ. જેથી વહેલી તકે રકમ ભરપાઈ કરી આપશે તેવી મંત્રી અશોકભાઈ ભાયલાલભાઈ મહેતા દ્વારા બાંહેધરી લખી આપવામાં આવેલ. તેમ છતાં આજદિન સુધી રકમ જમા ન થતા આંબા સહકારી મંડળીના મંત્રી અશોકભાઈ ભાયલાલભાઈ મહેતા સહિત તેમના જમાઈ ભાર્ગવભાઈ કે પછી જીગ્નેશભાઈ (જીગ્નેશદાદા) પર કાર્યવાહી કરવા લીલીયા પોલીસ મથકમાં લેખિતમાં સહકારી મંડળીના પ્રમુખ જીગ્નેશભાઈ સાવજે માંગણી કરેલ છે.

---

### પાલિકાની ચૂંટણીને લઈને કોંગ્રેસ કાર્યાલયનો શુભારંભ

## સાવરકુંડલામાં પૂર્વ મંત્રી દૂધવાળાના વરદ્હસ્તે કાર્યાલય ખુલ્લું મુકાયું

ચૂંટણી પ્રચારનાં શ્રી ગણેશ થયા



સાવરકુંડલા, તા. ૧૦

અમરેલી જિલ્લાની ચાર નગરપાલિકા સાથે અમરેલી, દામનગર અને સાવરકુંડલા નગરપાલિકાની પેટા ચૂંટણીમાં યોજાઈ રહી છે ત્યારે સાવરકુંડલા નગરપાલિકા ના વોર્ડ નંબર ૩ ની પેટા ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા કાર્યાલયનું ઉદ્દઘાટન પૂર્વ મંત્રી ધીરૂભાઈ દૂધવાળા અને અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા કરવામાં આવેલ હતું સાવરકુંડલાના વોર્ડ નંબર ૩ના મત વિસ્તારમાં કોંગ્રેસ ઉમેદવાર રમેશ જયાણીને જીતાડવા માટે કાર્યાલય શુભારંભ કરીને પ્રચાર પ્રસારના કોંગ્રેસી નેતાઓએ શ્રી ગણેશ શરૂ કર્યા હતા ધારાસભ્ય મહેશ કસવાલામાં મત વિસ્તાર ગણાતા ભાજપના ગઢ જેવા વોર્ડ નંબર ૩માં નગરસેવક જયસુખ નાકરાણીના દુઃખદ અવસાનથી ભાજપાની ખાલી પડેલી બેઠક જીતવા કોંગ્રેસી નેતાઓએ કમર કશવાની શરૂઆત કરી છે ને કોંગી નેતા પ્રતાપ દુધાતે નગરસેવક સાથે સમાજ સેવકની ભૂમિકા ભજવી શકે તેવા કોંગ્રેસે ઉમેદવાર મૂકતા જીત નિશ્ચિત હોવાનો દાવો દુધાતે કર્યો હતો ને સ્વ. નગરસેવક જયસુખ નાકરાણીની ખાલી પડેલી બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર સમાજસેવાની ભૂમિકામાં અગ્રેસર હોય ત્યારે પાલિકાનો ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર પેટા ચૂંટણીમાં જીતશે તેવું જણાવ્યું હતું ત્યારે પૂર્વમંત્રી ધીરૂભાઈ દૂધવાળા, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત, ચંદ્રેશભાઈ રવાણી, હસુભાઈ સૂચક, મહેશભાઈ જયાણી, કોંગ્રેસના ઉમેદવાર ઉમેદવાર રમેશભાઈ જયાણી, હિતેશભાઈ સરેયા, કિરીટભાઈ દવે, તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેશભાઈ દેવાની, ઓસાભાઈ પઠાણ, અશોકભાઈ ખુમાણ, જીગાદાદા ભરાડ, નાસીર ચૌહાણ, ઈકબાલભાઈ બાવનકા, હરીભાઈ સગર, વિપુલભાઈ ઉનાવા, બટુકભાઈ ઉનાવા, હસુભાઈ બગડા, મનજીભાઈ રાજા, હાર્દિક કાનાણી, મુનાભાઈ ભરવાડ, પરીક્ષિત શિયાળ, વિપુલભાઈ જયાણી, હિતેશ જયાણી, રાજેભાઈ ચૌહાણ, ઈકબાલભાઈ ગોરી, પ્રવીણભાઈ ચુડાસમાં, મહેશ મશરૂ સહિતના કોંગ્રેસી અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હોવાનું જિલ્લા કોંગ્રેસ કાર્યાલયની અખબારી યાદીમાં જણાવ્યું છે.

---

### મુખ્યમંત્રીને ઋણાનુબંધ પુસ્તક અર્પણ કરતાં ધારાસભ્ય મહેશ કસવાલા



સાવરકુંડલા, તા. ૧૦

મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને કામગીરીનું સેવા અને સક્રિયતાનું સરવૈયું ''ઋણાનુબંધ'' ભાગ–૩ પુસ્તક સુપ્રતકર્તા મહેશભાઈ કસવાલા.

---

### સાવરકુંડલા નજીક આવેલ

## વીજપડી ગામનાં વેપારી સાથે ડીલરશીપ આપવાનાં બ્હાને રૂા. ૪૬ હજારની છેતરપીંડી

ગુગલ પે દ્વારા જુદી–જુદી રકમનાં ટ્રાન્જેકશન કરાવી લીધા

અમરેલી, તા. ૧૦

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામે મેઈન બજારમાં રામજી મંદિર પાસે રહેતા આશીકઅબ્બાસભાઈ દીલાવર હુસૈનભાઈ રસભરીયા નામનાં ૫૦ વર્ષિય વેપારીએ સાથે ગત તા. ૧૭ના રોજ સાંજે ૫ થી તા. ૧૮/૧ના આશરે સવારે ૧૧ વાગ્યા દરમ્યાન મોબાઈલ નંબર ૮૪૮૭૦૧૪૩૪૧ પરથી વાત કરનાર અજાણી વ્યકિતએ (આરોપીએ) પોતે શ્રી માર્કેટીંગ રાજકોટમાંથી સેલ્સ મેનેજર બોલતો હોય અને બાળકોના ડાયપરની કંપની મેનીપોકો પેન્ટસ તથા બીજા આવા પ્રોડકસ્ટસની ડીલરશીપ વેપારીને આપવાનુ કહી બનાવટ પુર્વક અપ્રમાણીકતાથી ડીલરશીપ આપવાની પ્રોડકશનના ફોટાઓ આરોપીએ મોબાઈલ ફોન મારફતે વેપારીના વ્હોટસએપમા મોકલી પોતાની ખોટી ઓળખ આપી વેપારીને મેનીપોકો પેન્ટસ તથા બીજા આવા પ્રોડકટસની કમીશન પેટેની ડીલરશીપ આપવા માટેની ખોટી લાલચ આપી વીજપડીના વેપારી પાસેથી ગુગલ પે દ્વારા જુદી જુદી રકમના ટ્રાન્જેકશન કરાવડાવી રૂપિયા ૪૬,૪૨૬ની ઠગાઈ કર્યાની વેપારીએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

---

### આગામી તા. ૧૫નાં રોજ

## જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લા સેવા સદન ખાતે આગામી તા. ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૫ શનિવારના રોજ જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિની બેઠક યોજાશે. બેઠકમાં નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ દ્વારા સમીક્ષા કરવામાં આવશે તેમ અમરેલી જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ સભ્ય સચિવ અને જિલ્લા પુરવઠા અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

---

### બગસરા નજીક આવેલ

## નાના–મોટા મુંજીયાસર ગામેથી અજાણ્યા ચોર દ્વારા રૂા. ૩૯ હજારનાં મુદ્દામાલની ચોરી

બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી

અમરેલી, તા. ૧૦

બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે રહેતા મોહનભાઈ બધાભાઈ રાઠોડ નામના ૫૬ વર્ષિય ડ્રાઈવરે ગત તા. ૮ના સવારના આશરે આઠેક વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે કોઈ અજાણ્યા શખ્સ મોટા મુંજીયાસર ગામે બગસરા–માણેકવાડા રોડની પાસે પોતાના ઘરની સામે રોડ વટીને ખુલ્લી જગ્યામાં રાખેલ હોય. તે જગ્યાએથી તેમનુ જેસીબી જેના નં. જી.જે.–૦૩એચઈ–૧૩૬૫નું નાનુ બકેટ જે લોખંડનુ જુના જેવુ જેની આશરે કિંમત રૂપિયા ૨૦,૦૦૦નું તથા નાના મુંજીયાસર ગામે રહેતા ચંદુભાઈ વીરજીભાઈ સતાસીયાના નાના મુંજીયાસર ગામે બગસરા–માણેકવાડા રોડ ઉપર આવેલ વાડીના શેઢા પાસે ખુલ્લી જગ્યામાં ખેતીવાડીનુ હાઈવેસ્ટર થ્રેસરની લોખંડની જાળી નંગ–૨ કિંમત રૂપિયા ૧૦,૦૦૦ તથા ખેતીવાડીનુ હાઈવેસ્ટર/થ્રેસરના લોખંડનો સ્પેરપાર્ટસ જેની કિંમત રૂપિયા ૯૦૦૦ ની મળી કુલ કિંમત રૂા. ૩૯,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

## વિકાસની વાતો કરતાં રાજકીય આગેવાનો પર સૌની નજર

# સાવરકુંડલામાં હેડ પોસ્ટ ઓફિસ નવા મકાનની રાહમાં

દાયકાઓથી ભાડાનાં મકાનમાં કાર્યરત પોસ્ટ ઓફિસ માટે નવા મકાનની તાતી જરૂરિયાત

દિવ્યાંગો તથા સીનિયર સિટીઝન માટે કોઈ વ્યવસ્થા જોવા મળતી નથી

પાર્કિંગ માટે કોઈ સુવિધા ઉપલબ્ધ ન હોવાથી ટુ વ્હીલર ચાલકો પરેશાન

અપુરતા પોસ્ટમેનનાં કારણે સમયસર ટપાલ પહોંચતી કરવામાં પણ મુશ્કેલી






સાવરકુંડલા, તા. ૧૦

આમ તો સાવરકુંડલા શહેરની હેડ પોસ્ટ ઓફિસ એટલે આમ જનતા માટે સંદેશાવાહક અને નાણાંકીય લેવડ દેવડનું સુલભ માધ્યમ. સાવરકુંડલા શહેરની હેડ પોસ્ટ ઓફિસમાં લોકો પોતાની ફિક્સ ડિપોઝીટનું વળતર, રજિસ્ટર્ડ લેટર, મની ઓર્ડર કે પોસ્ટને લગતી ઘણી બાબતો માટે પોસ્ટ ઓફિસની મુલાકાત લેતાં જોવા મળે છે. તો વળી આધાર કાર્ડની પણ અમુક કામગીરી માટે પોસ્ટ ઓફિસની મુલાકાત લેતાં જોવા મળે છે. જો સાવરકુંડલા શહેરની હેડ પોસ્ટ ઓફિસને પોતાની સગવડતા સભર ઈમારત હોય તો લોકો માટે ઘણું આરામદાયક બને તેમજ લોકોને પણ એક સુવિધાસભર અદ્યતન ઈમારતની સગવડ મળી શકે.

આમ તો અમરેલી જિલ્લાની ઘણી પોસ્ટ ઓફિસને પોતાની સ્વતંત્ર ઈમારતો છે. હાલ ભાડાની ઈમારતમાં આવેલ આ પોસ્ટ ઓફિસમાં ખાસ તો આ જર્જરીત જેવી હાલમાં રહેલી- ઈમારતમાં ઠેર ઠેર ગાબડા પડેલા જોવા મળે છે. આ સંદર્ભે સબ પોસ્ટ માસ્તર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે હાલ ઈમારત જર્જરીત હોય તેનું જીર્ણોધ્ધાર કરવું જરૂરી છે. પોસ્ટ વિભાગ દ્વારા આ સંદર્ભે નગરપાલિકા સાથે પત્રવ્યવહાર ચાલુ છે. પોસ્ટ ઓફિસમાં કામગીરી કરતાં કર્મચારીઓ પણ આ ગાબડાથી પરેશાન છે. આવી ઈમારતમાં કોઈ દુર્ઘટના ન બને તે માટે પણ તેનો જીર્ણોધ્ધાર આવશ્યક છે. આ પોસ્ટ ઓફિસ સંદર્ભે સાવર નગરપાલિકા ચીફ ઓફિસર બોરડ દ્વારા જણાવવામાં આવ્યું હતું નગરપાલિકા પ્રમુખ સમેત નગરપાલિકાની ટીમે પણ આ સંદર્ભે પોસ્ટ વિભાગ સાથે મસલત કરીને પોસ્ટ વિભાગ પોતાના ખર્ચે આ ઈમારતનું આવશ્યક રીપેરીંગ કરી લે અને ત્યારબાદ પોસ્ટ વિભાગે ખર્ચેલી રકમ ભાડાની રકમમાંથી બાદ કરી લેવી એમ કહ્યું હતું. આ પોસ્ટ ઓફિસનો પ્રશ્ન તાલુકાની સંકલન મિટિંગમાં પણ ચર્ચાયો છે. હવે વાત ફાઈલોમાં અટવાયેલી છે. આ સંદર્ભે વહેલી તકે આ ઈમારતનું નિર્માણ થાય તે માટે કાર્યવાહી હાથ ધરવી જોઈએ અને હાલની જર્જરીત ઈમારતનું યોગ્ય જીર્ણોધ્ધાર થાય તે લોકો અને પોસ્ટ વિભાગના કર્મચારીઓ માટે હિતાવહ છે.

દેશ જયારે બેંકિંગ ક્ષેત્રે ક્રાંતિકારી સુધારાઓ કરી રહી હોય અને પોસ્ટ વિભાગ પણ હવે બેંકિંગ ક્ષેત્ર જેવું કાર્ય કરી રહી હોય લોકોનો પોસ્ટ ઓફિસ ખાતે વધારે ઘસારો જોવા મળે તે પણ સ્વાભાવિક છે. આ સંદર્ભે સાંસદ અને સાવરકુંડલા ધારાસભ્યે પણ તાકીદે પોસ્ટ વિભાગમાં જોરદાર રજૂઆત કરી પોસ્ટ વિભાગને પોતાની માલિકીની પોસ્ટ ઓફિસ બને તે માટે યોગ્ય કાર્યવાહી કરાવવા સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ અને જયાં સુધી પોતાની માલિકીની પોસ્ટ ઓફિસ ન નિર્માણ પામે ત્યાં સુધી ભાડાની આ ઈમારતનો યોગ્ય જીર્ણોદ્ધાર કરાવી સુવિધા સભર ઈમારત બનાવવી જોઈએ તેવી લોકમાંગ પણ ઉઠવા પામી છે.

### એક ભાઈએ નાણા માંગતા બીજા ભાઈને સારૂ ના લાગ્યું

## અમરેલીમાં બે ભાઈઓ વચ્ચે પિતા પાસે નાણા માંગવા બાબતે મારામારી

### બનાવ અંગે સ્થાનિક પોલીસમાં ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૧૦

અમરેલીના ચક્કરગઢ રોડ ઉપર આવેલ ખોડીયાર સોસાયટીમાં રહેતા ફરિયાદી હાર્દિકભાઈ અનિલભાઈ ત્રીવેદી નામના ૩૨ વર્ષિય ડ્રાઈવરને પૈસાની જરૂરીયાત હોય. જેથી તેમણે ગત તા. ૭ના સાંજના આશરે સાડા આઠેક વાગ્યે પોતાના પિતા અનિલભાઈ ચન્દ્રકાંતભાઈ ત્રિવેદી પાસે પૈસા માંગતા પોતાના ભાઈ વિવેક અનિલભાઈ ત્રિવેદીને સારૂ નહી લાગતા પોતાના ભાઈને ગાળો આપી ઢીંકાપાટુનો માર મારી તેમજ લોખંડની વસ્તુ વડે એક ઘા મારી દઈ શરીરે ડાબા પગના પોંચા, અંગુઠા, ઘુંટી તથા કપાળે મુંઢ ઈજાઓ પહોંચાડયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

### શનિવારી બજારમાં બની ઘટના

## ચલાલા ખાતે મહિલાની થેલી ચીરી નાખી રૂા. ૫૪ હજારનાં દાગીના તફડાવી લેવાયા

### અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાઈ પોલીસમાં ફરિયાદ

અમરેલી, તા. ૧૦

ધારી તાલુકાના ઝરપરા ગામે રહેતા મોનીકાબેન કિશોરભાઈ સોલંકી નામની ૩૦ વર્ષિય મહિલા ગત તા. ૮ના ૮ વાગ્યા દરમ્યાન ચલાલા ખાતે શનિવારીમાં ખરીદી કરવા આવેલ હોય. ત્યારે કોઈ અજાણ્યા ચોર ઈસમે મહિલા પાસે રહેલ થેલીને બ્લેડ જેવા ધારદાર વસ્તુથી ચીરી અંદર રહેલ પાકીટ/પર્સમાં રહેલ કાનમાં પહેરવાની સોનાની બુટી જેનુ વજન આશરે ૫ ગ્રામ આશરે કિંમત રૂપિયા ૪૦૦૦૦, આંગળીમાં પહેરવાનો સોનાનો કરડો જેનુ વજન આશરે-૧ ગ્રામ આશરે કિંમત રૂપિયા ૧૦,૦૦૦, ગળામાં પહેરવાનુ સોનાનુ પેન્ડલ વજન આશરે ૬૯૦ મી.લી. ગ્રામ રૂપિયા ૩૮૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૫૩,૮૦૦નાં સોનાના દાગીનાની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

### દારૂબંધીનાં લીરેલીરા ઉડી ગયા

## લાઠીની મામલતદાર કચેરીનાં મેદાનમાં પડેલ વિદેશી દારૂની ખાલી બોટલનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ

### મામલતદારે પોલીસને જાણ કરતાં તપાસ શરૂ

અમરેલી, તા. ૧૦

અમરેલી જિલ્લાના લાઠી ગામે આવેલ મામલતદાર કચેરીના કમ્પાઉન્ડમાંથી વિદેશી દારૂની ખાલી બોટલો મળી આવતાં દારૂબંધીનાં લીરેલીરા ઉડાડતો વિડીયો સામે આવતાં ચકચાર મચી જવા પામેલ છે. આ બનાવ અંગે મામલતદાર દ્વારા વિદેશી દારૂની ખાલી બોટલો કોઈ ફેંકી ગયાનું રટણ કરી પોલીસને જાણ કરી હોવાનું નિવેદન સામે આવેલ છે.



આ બનાવ અંગે મળતી વિગત મુજબ લાઠી ગામે આવેલ મામલતદાર કચેરીના કમ્પાઉન્ડમાંથી વિદેશી દારૂની ખાલી બોટલો મળી આવતાં દારૂબંધીનાં લીરેલીરા ઉડાડતો વિડીયો સામે આવતાં ચકચાર મચી જવા પામેલ છે.

આ બનાવ અંગે મામલતદાર એમ.સી. રાજયગુરૂ સાથે વાતચીત કરતાં તેઓ જણાવેલ કે મામલતદાર કચેરીના કમ્પાઉન્ડમાં બહારથી કોઈ વિદેશી દારૂની ખાલી બોટલો કોઈ ફેંકી ગયાનું જણાવી આ અંગે સત્તાવાર રીતે પોલીસને જાણ કરી હોવાનું અંતમાં જણાવેલ છે.


ભારતમાં સૌથી સારો મેડીક્લેઇમ
મેડીક્લેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીક્લેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, ફિરદબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪















કોળી શકિત યુવક મંડળ અમરેલી આયોજીત ૪૦ મા સમુહલગ્ન આગામી તા.૦૨-૦૩-૨૦૨૫
આ લગ્નોત્સવમાં ભાગ લેવા માંગતા ઉમેદવારોએ વહેલી તકે સંપર્ક કરવો લગ્ન ફી કન્યા પક્ષ રૂા.૧૨૫૦૦/- તેમજ વર પક્ષ રૂા.૧૨૫૦૦/- દરેકને કન્યાઓને વિના મૂલ્યે કરીયાવરની ૮૦ વસ્તુઓ મળશે.
સરકારી યોજના સમુહલગ્ન સાતફેરા તેમજ કુંવરબાઈનું મામેરૂ યોજના અંતર્ગત લાભ મળવાપાત્ર રહેશે. તો રજીસ્ટ્રેશન માટે...
સંપર્ક : પ્રમુખશ્રી રમેશભાઈ એસ.ગોહિલ
શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટીંગ યાર્ડ અંદર, ફ્રુટ માર્કેટ, દુ.નં.બી/એફ-૧૩, પહેલો માળ, અમરેલી
મો.નં. ૯૩૭૪૭ ૩૪૮૨૦







### પરીક્ષા પે ચર્ચા (PPC) ની આઠમી આવૃત્તિ આજે યોજાઈ

# વિદ્યાર્થીઓ ક્રિકેટમાંથી ધ્યાન કેન્દ્રિત કરવાનું શીખી શકે છે : મોદી

## પીએમ મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું કે, તમારા માટે સ્વસ્થ આહાર લેવો મહત્ત્વપૂર્ણ છે. તેમજ અભ્યાસની સાથે સાથે સારી ઊંઘ લેવી પણ જરૂરી છે

નવી દિલ્હી, તા.૧૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દર વર્ષે બોર્ડની પરીક્ષા પહેલાં બાળકો સાથે પરીક્ષા પે ચર્ચા યોજે છે. જેમાં સોમવારે પરીક્ષા પર ચર્ચાની ૮મી આવૃત્તિમાં, તેમણે દેશના વિવિધ રાજ્યોના ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી અને તેમને તણાવ મુક્ત અને સ્વસ્થ રહેવાની ટિપ્સ આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને જણાવ્યું કે કેવી રીતે લીડર બની શકાય છે. આ ઉપરાંત પીએમ મોદીએ વિદ્યાર્થીઓને તેમના લક્ષ્યો પર ધ્યાન કેન્દ્રિત રાખવાની પણ શીખ આપી હતી.

પીએમ મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું કે, તમારા માટે સ્વસ્થ આહાર લેવો મહત્ત્વપૂર્ણ છે. તેમજ અભ્યાસની સાથે સાથે સારી ઊંઘ લેવી પણ ખૂબ જ જરૂરી છે. બાળકોએ ગૂગલ પર એ ન જોવું જોઈએ કે શું ખાવું અને શું ન ખાવું જોઈએ બસ જે હેલ્ધી છે એ જ ખાવું જોઈએ. તેમજ માતા-પિતા જે આપે છે તે ખાવું જોઈએ અને સ્વસ્થ રહેવું જોઈએ. આ ઉપરાંત લખવાની બાબતને લઈને પીએમ મોદીએ કહ્યું કે, લખવાની આદત ખૂબ જ જરૂરી છે. તમે ગમે તે લખો તો પણ આ આદત તમારા વિચારોને બાંધવાનું કામ કરશે. ટાઈમ મેનેજમેન્ટ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પીએમ મોદીએ કહ્યું કે, સૌથી પહેલાં આપણે આપણા સમય વિશે વિચારવું પડશે કે હું મારા સમયનો વધુ ઉપયોગ કેવી રીતે કરી શકું. હું આ બાબતે ખૂબ જ સાવધ છું. સમયનો ઉપયોગ કેવી રીતે કરવો એ બધું કાગળ પર લખવું જોઈએ અને ટાઈમ મેનેજમેન્ટ કરવું જોઈએ. તેને દરરોજ માર્ક કરો અને જુઓ કે તમે કયા કાર્યો સમયસર પૂર્ણ કર્યા છે.

પીએમ મોદીએ કહ્યું કે, વ્યક્તિએ હંમેશા પડકારોનો સામનો કરવો જોઈએ, કોઈપણ વિષયને પડકાર તરીકે જોવો જોઈએ. જે વિષય તમને ડરાવે છે તેને પહેલા ઉકેલવો જોઈએ. જ્ઞાન અને પરીક્ષા બે અલગ વસ્તુઓ છે. આ સાથે શિક્ષકોને ટાંકીને પણ પીએમ મોદીએ વાત કરી અને કહ્યું કે, શિક્ષકોનું કામ વિદ્યાર્થીઓની ક્ષમતાઓને ઓળખવાનું પણ છે. પીએમ મોદીએ બાળકોને એ પણ જણાવ્યું કે તેઓ તેમના મનને કેવી રીતે શાંત રાખી શકે છે. તેમણે કહ્યું કે, અર્થહીન વાત કરવાને બદલે પોતાના પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. જો તમે અન્ય બાબતો વિશે વધુ પડતી વાત કરશો તો તમારું મન ભટકશે. ધ્યાન કેન્દ્રિત કરવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. તમારે નક્કી કરવાનું છે કે તમારે તમારી નિષ્ફળતાને તમારો શિક્ષક બનાવવો પડશે. જીવનનો મતલબ માત્ર પરીક્ષાઓ જ નથી.

માતા-પિતાને અપીલ કરતાં પીએમ મોદીએ કહ્યું કે, દરેક માતા-પિતાની કેટલીક અપેક્ષાઓ હોય છે. અન્ય લોકોના બાળકોને જોઈને તેમના પોતાના ઈગો હર્ટ થાય છે. તેમનું સોશિયલ સ્ટેટસ જ તેમના માટે અવરોધ બની જાય છે. હું માતાપિતાને અપીલ કરું છું કે તેઓ તેમના બાળકને દરેક જગ્યાએ એક મોડેલ તરીકે ઊભા ન કરે. દુનિયાનું દરેક બાળક એક સરખું નથી હોતું. કેટલાક બાળકો રમતમાં સારા અને અભ્યાસમાં નબળા હોય છે. બાળકોના માતા-પિતા અને શિક્ષકોએ તેમની અંદર છુપાયેલી પ્રતિભાને નિખારવાની જરૂર છે. આવડતની શક્તિ ઘણી વધારે છે. આપણે આવડત પર વધુ ધ્યાન આપવું જોઈએ.

પીએમ મોદીએ શિક્ષકોને કહ્યું કે, વિદ્યાર્થીઓ વચ્ચે સરખામણી ન થવી જોઈએ, કોઈ પણ વિદ્યાર્થીને અન્ય વિદ્યાર્થીઓ વચ્ચે ટોકવો ન જોઈએ.
આનાથી તે નિરાશ થશે અને તેઓ આગળ શીખવાનો પ્રયત્ન નહિ કરે. બાળકોએ પણ એવી વ્યક્તિ શોધવી જોઈએ જે તેમને સતત પ્રેરણા આપતા રહે.

વ્યક્તિએ હંમેશા પોતાને હરાવવાનું શીખવું જોઈએ. આ માટે સેલ્ફ ગોલ હોવો જરૂરી છે, તેને પૂર્ણ કરવા પર તમારે પોતાને રિવૉર્ડ આપવો જોઈએ.

આ દરમિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિદ્યાર્થીઓને ખાસ મંત્રો આપ્યા હતા.

પીએમએ વિદ્યાર્થીઓને કહ્યું કે પરીક્ષા માટે પોતાની જાતને તમારે તૈયારી કરવી પડશે, તમારા પર દબાણ છે. વડાપ્રધાન મોદીએ ક્રિકેટનું ઉદાહરણ આપતાં કહ્યું હતું કે ક્રિકેટ રમતી વખતે સ્ટેડિયમમાંથી અવાજ આવે છે. કોઈ કહે છે ફોર, કોઈ કહે છે સિક્સ. પરંતુ બેટ્સમેન શું કરે છે? તે બોલને જુએ છે. જો તે આ બધામાં સામેલ થઈ જાય કે દર્શકોએ કહ્યું છે કે મારે સિક્સ ફટકારવાની છે લગાવી દઉં તો તે આઉટ થઈ જશે. જેનો અર્થ એ છે કે તેને દબાણની કોઈ પરવા નથી. તેનું સંપૂર્ણ ધ્યાન બોલ પર છે. પીએમ મોદીએ વિદ્યાર્થીઓને કહ્યું હતું કે જો તમે પણ તે પ્રેશરને મનમાં ન લેતા તમારુ ધ્યાન આજે મે આટલો અભ્યાસ કરવાનું નક્કી કરી લીધું હતું છે અને જો તેઓ કરી લો છો તો તમે તે પ્રેશરમાંથી બહાર નીકળી શકશો.

### રાજ્યસભામાં સોનિયા ગાંધીના આકરા પ્રહાર

# સોનિયા ગાંધીએ વહેલી તકે વસ્તી ગણતરી હાથ ધરવાની માંગ કરી

## સોનિયા ગાંધીએ એમ પણ કહ્યું કે ખાદ્ય સુરક્ષા એ વિશેષાધિકાર નથી પરંતુ નાગરિકોનો મૂળભૂત અધિકાર

નવી દિલ્હી, તા. ૧૦

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પક્ષના સંસદીય પક્ષના અધ્યક્ષ સોનિયા ગાંધીએ સોમવારે વહેલી તકે વસ્તી ગણતરી હાથ ધરવાની માંગ કરી હતી જેથી કરીને તમામ પાત્ર વ્યક્તિઓને ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ ગેરંટી આપવામાં આવેલ લાભો મળી શકે. રાજ્યસભામાં ઝીરો અવર દરમિયાન આ મુદ્દો ઉઠાવતા તેમણે એમ પણ કહ્યું કે ખાદ્ય સુરક્ષા એ વિશેષાધિકાર નથી પરંતુ નાગરિકોનો મૂળભૂત અધિકાર છે.

તેમણે કહ્યું કે યુપીએ સરકાર દ્વારા રજૂ કરવામાં આવેલ રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો એ એક ઐતિહાસિક પહેલ છે, જેનો ઉદ્દેશ્ય ૧૪૦ કરોડની વસ્તી માટે ખોરાક અને પોષણ સુરક્ષા સુનિશ્ચિત કરવાનો હતો. તેમણે કહ્યું કે આ કાયદાએ લાખો નબળા પરિવારોને ભૂખમરાથી બચાવવામાં મહત્વની ભૂમિકા ભજવી છે, ખાસ કરીને કોવિડ ૧૯ રોગચાળાની કટોકટી દરમિયાન અને આ કાયદાએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાનો આધાર પણ પૂરો પાડ્યો છે.

સોનિયા ગાંધીએ કહ્યું કે ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ, ૭૫ ટકા ગ્રામીણ અને ૫૦ ટકા શહેરી વસ્તી સબસિડીવાળા અનાજ મેળવવા માટે હકદાર છે. જો કે, લાભાર્થીઓ માટેનો ક્વોટા હજુ પણ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આધારે નક્કી કરવામાં આવે છે જે હવે એક દાયકા કરતાં વધુ જૂનો છે એમ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું, 'સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પહેલીવાર વસ્તી ગણતરીમાં ૪ વર્ષથી વધુ સમય વિલંબ થયો છે. મૂળ રૂપે તે ૨૦૨૧ માટે નક્કી કરવામાં આવ્યું હતું પરંતુ હજુ પણ વસ્તી ગણતરી ક્યારે હાથ ધરવામાં આવશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી ગાંધીએ જણાવ્યું હતું કે બજેટ ફાળવણી દર્શાવે છે કે આ વર્ષે પણ વસ્તી ગણતરી હાથ ધરવામાં આવે તેવી શક્યતા નથી.તેમણે કહ્યું, 'આ રીતે લગભગ ૧૪ કરોડ પાત્ર ભારતીયોને ખાદ્ય સુરક્ષા કાયદા હેઠળ તેમના યોગ્ય લાભોથી વંચિત રાખવામાં આવ્યા છે. તે મહત્વનું છે કે સરકાર વહેલી તકે વસ્તી ગણતરી પૂર્ણ કરવા માટે પ્રાથમિકતા આપે અને ખાદ્ય સુરક્ષા અધિનિયમ હેઠળ ગેરંટી આપવામાં આવેલ લાભો તમામ પાત્ર વ્યક્તિઓને મળે તે સુનિશ્ચિત કરે, તે એક મૂળભૂત અધિકાર છે.

### દિલ્હી તો હાથમાંથી ગઈ હવે પંજાબ સંભાળો

# કેજરીવાલે તાત્કાલિક આપના ધારાસભ્યોને દિલ્હી બોલાવી લીધા

## કેજરીવાલ પંજાબ સરકારના કામકાજની સમીક્ષા કરશે

નવી દિલ્હી, તા. ૧૦

દિલ્હીમાં આમ આદમી પાર્ટીની હાર બાદ સંયોજક અરવિંદ કેજરીવાલ હવે પંજાબમાં સંભવિત બળવાને કંટ્રોલ કરવામાં લાગી ગયા છે. તેમણે ૧૧ ફેબ્રુઆરી એટલે કે મંગળવારના રોજ પંજાબના આપના ધારાસભ્યો અને સાંસદો અને નેતાઓને દિલ્હી બોલાવી લીધા છે.
સૂત્રોના જણાવ્યા અનુસાર, કેજરીવાલ પંજાબ સરકારના કામકાજની સમીક્ષા કરશે. તો વળી પંજાબ વિધાનસભા ચૂંટણી દરમ્યાન કરવામાં આવેલા વાયદાની પ્રગતિનું પણ નિરીક્ષણ કરશે. દિલ્હી ચૂંટણીમાં ભાજપે પંજાબમાં વાયદો પુરા નહીં કરવાનો મુદ્દો બનાવ્યો હતો.

દિલ્હી ચૂંટણીમાં હાર બાદ રાજકારણમાં ચર્ચા છે કે પંજાબમાં પણ પાર્ટીમાં ફાડ પડવાની આશંકા વ્યક્ત કરી છે. કેટલાય રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે, અરવિંદ કેજરીવાલની બાર બાદ પાર્ટીના નેતા આપ છોડી શકે છે.

કોંગ્રેસે કટાક્ષ કરતા કહ્યું કે, ખુદ ભગવંત માન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે સંપર્કમાં છે અને તેઓ કોઈ પણ સમયે બળવો કરી શકે છે. પંજાબમાં માર્ચ ૨૦૨૭માં વિધાનસભા ચૂંટણી થવાની છે. હવે અરવિંદ કેજરીવાલ અને ભગવંત માન સામે પાર્ટીને સાચવી રાખવા અને ચૂંટણીના વચનો પુરા કરવા માટે ફક્ત બે વર્ષનો સમય બાકી છે.

પંજાબમાં આમ આદમી પાર્ટીએ ૨૦૨૨માં ૯૨ સીટો જીતીને સરકાર બનાવી હતી. ત્યારે ભગવંત માન સરકારે ખેડૂતોને મફત વીજળી, દિલ્હીની માફક મોહલ્લા ક્લિનિક અને મહિલાઓને દર મહિને એક હજાર રુપિયા આપવાનું વચન આપ્યું હતું. માન સરકારના કાર્યકાળના ત્રણ વર્ષ પુરા થઈ ચુક્યા છે. પણ મહિલાઓની આ સ્કિમ શરુ થઈ નથી. આર્થિક તંગીના કારણે પંજાબમાં મફત વીજળી યોજના અટકી ગઈ છે. પંજાબ સરકાર આરોપ લગાવતી રહે છે કે, કેન્દ્ર તેમને આર્થિક મદદ કરતી નથી.

### સેન્સેક્સ ૫૪૮ પોઈન્ટ ડાઉન

# દિલ્હીના ચૂંટણી પરિણામોની શેરબજાર પર નેગેટિવ અસર!

## બોમ્બે સ્ટોક એક્સચેન્જ બેન્ચમાર્ક, સેન્સેક્સ ૫૪૮.૩૯ પોઈન્ટના તીવ્ર ઘટાડા સાથે ૭૭,૩૧૧.૮૦ પર બંધ

મુંબઈ, તા.૧૦

શેરબજાર રોકાણકારોને સતત એક પછી એક આંચકા આપી રહ્યું છે. સોમવારે, સ્થાનિક શેરબજાર ફરી એકવાર મોટા ઘટાડા સાથે બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ (BSE) બેન્ચમાર્ક, સેન્સેક્સ ૫૪૮.૩૯ પોઈન્ટના તીવ્ર ઘટાડા સાથે ૭૭,૩૧૧.૮૦ પર બંધ થયો. તેવી જ રીતે, નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) ઈન્ડેક્સ નિફ્ટી ૫૦ પણ ટ્રેડિંગના અંતે ૧૭૮.૩૫ પોઈન્ટ ઘટીને ૨૩,૩૮૧.૬૦ પર બંધ થયો. આજના કારોબારમાં, નિફ્ટીમાં ટ્રેન્ટ, પાવર ગ્રીડ કોર્પ, ટાટા સ્ટીલ, ટાઈટન કંપની, ONGC સૌથી વધુ ઘટ્યા હતા, જ્યારે કોટક મહિન્દ્રા બેંક, બ્રિટાનિયા ઈન્ડસ્ટ્રીઝ, ભારતી એરટેલ, HCL ટેક્નોલોજીસ, ટાટા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ વધ્યા હતા. આજના કારોબારમાં નિફ્ટી મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકોમાં ૨-૨ ટકાનો ઘટાડો થયો. મેટલ, મીડિયા, ફાર્મા, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, એનર્જી, રિયલ્ટીમાં ૨-૨ ટકાનો ઘટાડો થતાં તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા. સોમવારે વૈશ્વિક શેરબજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું. શરૂઆતના વેપારમાં ફ્રાન્સનો CAC ૪૦ ૦.૨% વધીને ૭,૯૮૮.૨૯ પર બંધ રહ્યો હતો, જ્યારે જર્મનીનો DAX ૦.૩% વધીને ૨૧,૮૧૭.૭૯ પર બંધ રહ્યો હતો. બ્રિટનનો FTSE ૧૦૦ ૦.૪% વધીને ૮,૭૩૮.૯૮ પર બંધ રહ્યો. યુએસ શેરબજારમાં વધારો થવાની ધારણા છે, કારણ કે ડાઉ ફ્યુચર્સ ૦.૨% વધીને ૪૪,૫૦૭.૦૦ પર પહોંચ્યો. S&P ૫૦૦ ફ્યુચર્સ ૦.૩% વધીને ૬,૦૬૭.૫૦ પર પહોંચ્યા. એશિયામાં, જાપાનનો બેન્ચમાર્ક નિક્કી ૨૨૫ થોડો બદલાયો હતો, જે ૦.૧% થી ઓછો વધીને ૩૮,૮૦૧.૧૭ પર પહોંચ્યો. ચલણના વેપારમાં, યુએસ ડોલર ૧૫૧.૩૯ યેનથી વધીને ૧૫૨.૪૧ જાપાનીઝ યેન થયો. યુરો ઈ૧.૦૩૨૮ થી ઘટીને ઈ૧.૦૩૨૧ થયો. ટ્રમ્પે ચીની આયાત પર ટેરિફ લાદ્યા છતાં, હેંગ સેંગ ઈન્ડેક્સ ૧.૮% વધીને ૨૧,૫૨૧.૯૮ પર પહોંચ્યો, અને શાંઘાઈ કમ્પોઝિટ ૦.૬% વધીને ૩,૩૨૨.૧૭ પર પહોંચ્યો. ચીની ઉત્તેજના પગલાંની આશા વધતી જતાં ટેકનોલોજી શેરોમાં તેજી જોવા મળી. ચીન અમેરિકાની પસંદગીની આયાત પર ટેરિફ લાદીને બદલો લઈ રહ્યું છે અને ગૂગલ સામે એન્ટિટ્રસ્ટ તપાસની જાહેરાત કરી છે.

### હવામાન વિભાગની ખતરનાક આગાહી

# વચ્ચેથી ગાયબ થઈ જશે એક આખી ઋતુ, સીધો ઉનાળો આવશે

## અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમી વધવાની આગાહી

નવી દિલ્હી, તા.૧૦

અમદાવાદ સહિત રાજ્યભરમાં ગરમી વધવાની આગાહી કરવામાં આવી છે. અફઘાનિસ્તાન પાસે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયું છે. ત્રણ દિવસમાં તાપમાનમાં ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. ફરી ઉત્તર-પૂર્વના પવનો શરૂ થતા ઠંડીમાં ઘટાડો થયો છે. તો હાલ અમદાવાદમાં મહત્તમ તાપમાનનો પારો ૩૩ ડિગ્રીને પાર થયો છે. હવામાન વિભાગે એવી પણ આગાહી કરી છે કે, આ વખતે વસંત ઋતુ આવશે નહીં અને સીધો ઉનાળો શરૂ થઈ જશે. ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયા અથવા તો માર્ચની શરૂઆતમાં તાપમાનમાં ઝડપથી વધારો થશે. ફેબ્રુઆરીમાં તાપમાન સામાન્યથી વધારે રહેશે. ગ્લોબલ વોર્મિંગની ઝડપથી હવામાન પર અસર પડી રહી છે, આ વખતે ક્લાયમેટ ચેન્જના કારણે ઠંડી અપેક્ષા કરતા ઓછી રહી હતી. હવે એવું કહેવામાં આવી રહ્યું છે કે આ વર્ષે વસંત ઋતુ નહીં આવે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આ વર્ષે વસંતને બદલે સીધો ઉનાળો આવશે. IMD એ હવામાનને લઈને માહિતી આપી છે કે, ફેબ્રુઆરીના છેલ્લા અઠવાડિયામાં અથવા માર્ચની શરૂઆતમાં તાપમાન ઝડપથી વધશે. હવામાન વિભાગનો અંદાજ છે કે ઉત્તર-પશ્ચિમથી મધ્ય અને પૂર્વ ભારતના મોટાભાગના વિસ્તારોમાં ફેબ્રુઆરીમાં વરસાદ સામાન્ય કરતાં ૨૦ ટકા ઓછો રહેશે. વરસાદના અભાવે હવામાં ભેજ ઘટશે અને તાપમાનમાં ઝડપથી વધારો થશે.આવી સ્થિતિમાં ફેબ્રુઆરીમાં તાપમાન સામાન્ય કરતા વધુ પહોંચવાની સંભાવના છે. દક્ષિણના રાજ્યોમાં તાપમાન સામાન્ય કરતા વધારે નોંધવાનું શરૂ કરી દીધું છે. સામાન્ય રીતે અહીં ફેબ્રુઆરીમાં તાપમાન ૩૦-૩૨ ડિગ્રી સેલ્સિયસ રહે છે, આ વખતે ઘણા વિસ્તારોમાં તાપમાન ૩૩થી ૩૭ ડિગ્રી સુધી પહોંચી ગયું છે.અહેવાલો અનુસાર, કેરળના પલક્કડમાં રાત્રિનું તાપમાન ૨૬.૯ ડિગ્રી હતું, જે સામાન્ય રીતે ૨૦-૨૧ ડિગ્રી હોય છે. જો આ સ્થિતિ ચાલુ રહેશે તો આગામી સમયમાં ઠંડી સંપૂર્ણપણે ખતમ થઈ જશે અને ગરમીથી લોકોની હાલત કફોડી થશે. હવામાનશાસ્ત્રીઓના મતે આ ફેરફારનું મુખ્ય કારણ લા નીનાની સ્થિતિ છે. તેની અસર રવિ પાક પર પણ પડશે.
ફેબ્રુઆરીના મધ્યથી એપ્રિલની શરૂઆત સુધી ૪૫-૬૦ દિવસ સુધી ગરમી કે ઠંડી હોતી નથી. આ ઋતુ વસંતની છે. ઘણા વર્ષોથી વસંતના દિવસો ઝડપથી ઘટી રહ્યા છે.
નિષ્ણાતોએ તાજેતરમાં કહ્યું હતું કે ૨૦૨૪ સૌથી ગરમ વર્ષ હતું. ઈતિહાસમાં ટોચના ૫ સૌથી ગરમ વર્ષ માત્ર છેલ્લા ૧૦ વર્ષમાં જ થયા છે. ૨૦૨૫ની જાન્યુઆરી ઈતિહાસમાં ત્રીજી સૌથી ગરમ જાન્યુઆરી હતી.
જાન્યુઆરીમાં દેશમાં વરસાદ ૭૦ ટકા ઓછો હતો. પર્વતીય રાજ્યોમાં વરસાદ અને હિમવર્ષા ૮૦% ઓછી હતી. ફેબ્રુઆરીમાં પણ વરસાદની શક્યતા ઓછી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ત્રણ સપ્તાહમાં દેશના મોટાભાગના વિસ્તારોમાં સરેરાશ તાપમાન ઉંચુ રહેવાની શક્યતા છે.

# દિલ્હી બાદ હવે બિહારમાં પણ જામશે મહામુકાબલો

## NDA બિહારમાં મુખ્યમંત્રી નીતિશ કુમારના ચહેરા પર ચૂંટણી લડશે, મહાગઠબંધનનો ચહેરો તેજસ્વી યાદવ હશે

નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં શાનદાર જીત બાદ હવે ભાજપની નજર બિહાર પર છે, જ્યાં ઓક્ટોબર-નવેમ્બરમાં ચૂંટણી યોજાવા જઈ રહી છે. ભાજપના નેતૃત્વ હેઠળના નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA)એ ૨૪૩ સભ્યોની વિધાનસભામાંથી ૨૨૫થી વધુ બેઠકો જીતવાનું લક્ષ્ય રાખ્યું છે. પરંતુ બિહારમાં ચૂંટણી જંગ અન્ય કોઈપણ રાજ્ય કરતા સંપૂર્ણપણે અલગ છે. ત્યાંનું ગઠબંધન પણ નવા પ્રકારનું છે અને મુખ્ય ચહેરાઓ કેન્દ્રની રાજનીતિથી અલગ છે. જ્યાં NDA બિહાર વિધાનસભાની ચૂંટણી મુખ્યમંત્રી નીતિશ કુમારના ચહેરા પર લડશે, ત્યાં બીજી તરફ મહાગઠબંધનનો ચહેરો તેજસ્વી યાદવ હશે. બિહારની રાજનીતિ પર છેલ્લા ત્રણ દાયકાથી બે નેતાઓનો પ્રભાવ રહ્યો છે. આ નેતાઓ છે નીતિશ કુમાર અને લાલુ પ્રસાદ યાદવ.

ભલે લાલુ યાદવ હવે રાજકીય રીતે એટલા સક્રિય નથી, પરંતુ બિહારમાં તેમનો પ્રભાવ ઓછો નથી થયો. લાલુના રાજકીય વારસાને હવે તેમના પુત્ર તેજસ્વી યાદવ ખૂબ જ સારી રીતે આગળ ધપાવી રહ્યા છે. નીતિશ કુમારની વાત કરીએ તો તેઓ બે દાયકાથી બિહારના મુખ્યમંત્રી છે. તેમણે ૨૦૧૫માં થોડા મહિના માટે પદ છોડી દીધું હતું અને જીતન રામ માંઝીને મુખ્યમંત્રી બનાવ્યા હતા. નીતીશે આ દરમિયાન ચોક્કસપણે ગઠબંધન સાથીદારો બદલ્યા છે, પરંતુ મુખ્યમંત્રીની ખુરશી તેમની પાસે જ રહી છે. બિહારમાં કિંગ પણ છે, કિંગમેકર પણ છે અને ગઠબંધનનો જાદુ પણ છે. જો આપણે કહીએ કે બિહારનું રાજકારણ ભારતના અન્ય તમામ રાજ્યો કરતાં ઘણું જટિલ છે, તો તે અતિશયોક્તિ નહીં ગણાય.બિહારની આગામી વિધાનસભા ચૂંટણીમાં એક તરફ ભાજપના નેતૃત્વ હેઠળનું નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (NDA) હશે તો બીજી તરફ રાષ્ટ્રીય જનતા દળ (RJD) ના નેતૃત્વ હેઠળનું મહાગઠબંધન હશે. NDAમાં ભાજપની સાથે JDU, લોજપા(રામ વિલાસ), હિન્દુસ્તાની આવામ મોરચા સેક્યુલર (HAM) અને રાષ્ટ્રીય લોક મોરચા (R LM) સામેલ છે. બીજી તરફ મહાગઠબંધનમાં આરજેડી, કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને વિકાસશીલ ઈન્સાન પાર્ટી સામેલ છે.
હરિયાણા, મહારાષ્ટ્ર અને દિલ્હી બાદ ભાજપના નેતૃત્વ હેઠળના NDAનો લક્ષ્ય આગામી બિહાર ચૂંટણીમાં પણ વિજય રથ જાળવી રાખવાનો છે. દિલ્હીમાં મળેલી જીતથી NDAનો આત્મવિશ્વાસ વધુ વધ્યો છે. બીજી તરફ બિહારમાં તાજેતરની પેટાચૂંટણીઓમાં પણ NDAએ શાનદાર પ્રદર્શન કર્યું છે. NDA એ ૨૪૩ સભ્યોની બિહાર વિધાનસભામાં ૨૨૫ બેઠકો જીતવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય રાખ્યું છે. મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં NDA ચૂંટણી પહેલા એકતા અને શક્તિ દર્શાવવા માટે રેલીઓ કરી રહ્યું છે.
JDU ના રાષ્ટ્રીય પ્રવક્તા રાજીવ રંજને ભારપૂર્વક જણાવ્યું હતું કે દિલ્હીમાં મળેલી જીત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં NDAની મજબૂત એકતાનો સંદેશ આપે છે. NDA ૨૨૫ બેઠકો જીતવાના માર્ગે છે. બિહારમાં ચૂંટણી પહેલા NDAમાં સામેલ પક્ષોના નેતાઓ ગઠબંધનના સભ્યોમાં એકતા સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. દરેક જિલ્લામાં સંયુક્ત બેઠકોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યાં NDA રાજ્ય પ્રમુખો એકતા અને દઢ નિશ્ચયનો સંદેશ આપવા માટે એક સાથે જાય છે. જેડીયુના પ્રદેશ પ્રમુખ ઉમેશ સિંહ કુશવાહાએ પાર્ટી કાર્યકરોને વિપક્ષના વંશવાદી રાજકીય દળોનો સામનો કરવા માટે સંયુક્ત મોરચો રજૂ કરવા વિનંતી કરી.

બિહારમાં NDAને RJDના નેતૃત્વ હેઠળના મહાગઠબંધન (RJD, કોંગ્રેસ, ડાબેરી પક્ષો અને VIP) જેવા મજબૂત પ્રતિસ્પર્ધીનો સામનો કરવો પડશે. આરજેડી નેતા તેજસ્વી યાદવે ચૂંટણી પહેલા જ જનતાને ઘણા વચનો આપ્યા છે, જેમાં 'માઈ બહેન માન યોજના' હેઠળ પરિવારના મહિલા મુખિયાને દર મહિને ૨,૫૦૦ રૂપિયા અને ૨૦૦ યુનિટ મફત વીજળી આપવાનું વચન સામેલ છે. તેમના અન્ય મુખ્ય વચનોમાં આર્થિક રીતે નબળા વર્ગો માટે માસિક પેન્શન અને યુવાનો માટે રોજગાર સર્જનની સાથે-સાથે પલાયન પર અંકુશ લગાવવાના ઉપાય સામેલ છે. આરજેડીના આક્રમક પ્રચાર છતાં એનડીએ બિહારમાં પોતાની જીતનો વિશ્વાસ ધરાવે છે. ભાજપના વરિષ્ઠ નેતા તારકિશોર પ્રસાદે મુખ્યમંત્રી નીતિશ કુમારના નેતૃત્વમાં દ્નઙ્ઘછના લગભગ બે દાયકાના અસરકારક શાસનનો હવાલો આપતા આશા વ્યક્ત કરી કે બિહારમાં ભાજપ-જેડીયુ ગઠબંધનની સત્તા યથાવત રહેશે. કેન્દ્રીય મંત્રી અને હિન્દુસ્તાની આવામ મોરચાના નેતા જીતન રામ માંઝીએ પણ દિલ્હીના પરિણામો પર પ્રતિક્રિયા આપી અને ઠ પર એક પોસ્ટમાં લખ્યું કે, 'દિલ્હી તો ઝાંકી હૈ, બિહાર અભી બાકી હૈ.........જય એનડીએ.' જેમ જેમ બિહાર ચૂંટણીનો પ્રચાર વેગ પકડી રહ્યો છે, તેમ-તેમ રાજ્યનો વિકાસ એજન્ડા પણ કેન્દ્રમાં આવી રહ્યો છે. આ વર્ષની શરૂઆતમાં કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારમણે બજેટની જાહેરાતમાં બિહારના માળખાગત સુવિધાઓ અને અર્થતંત્રને વેગ આપવાના હેતુથી ઘણી જાહેરાતો કરી છે. તેમાં મખાના બોર્ડની સ્થાપના, ગ્રીનફિલ્ડ એરપોર્ટનું નિર્માણ અને વેસ્ટર્ન કોશી કેનાલ જેવા મોટા પ્રોજેક્ટ્સ માટે નાણાકીય સહાય સામેલ છે.
વધુમાં સીતારમણે બિહારમાં IIT પટનાનું વિસ્તરણ અને બિહારમાં નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફૂડ ટેકનોલોજી, આંત્રપ્રિન્યોરશિપ અને મેનેજમેન્ટની સ્થાપના કરવાની યોજનાની પણ જાહેરાત કરી. આ એવા પગલાં છે જે મતદારોને પસંદ આવે તેવી અપેક્ષા છે. એનડીએ સમર્થકોને આશા છે કે, દિલ્હીમાં વિજય અને કેન્દ્રીય બજેટમાં કરવામાં આવેલી જાહેરાતો રાજ્યમાં ગઠબંધનની સ્થિતિને વધુ મજબૂત બનાવશે.બિહારમાં ચૂંટણી જેમ-જેમ નજીક આવી રહી છે તેમ-તેમ ભાજપ અને એનડીએમાં તેના સાથી પક્ષો અહીં પણ પોતાની તાજેતરની સફળતાઓને આગળ વધારવા માટે સખત મહેનત કરી રહ્યા છે. ભાજપ બિહારમાં વધુ એક જીત સુનિશ્ચિત કરવા માટે પોતાની દિલ્હીની જીત અને અગાઉની જીતથી બનેલા મોમેન્ટમનો લાભ ઉઠાવવા માગે છે. ૨૦૨૫ની ચૂંટણીના પરિણામો બિહાર અને રાષ્ટ્રીય સ્તરે દ્નઙ્ઘછની સ્થિતિ અને કેન્દ્રના રાજકારણ બંને માટે મહત્વપૂર્ણ રહેશે. બિહારમાં દ્નઙ્ઘછ શાનદાર વિજય મેળવવામાં સફળ રહશે કે નહીં તે તો સમય જ બતાવશે. પરંતુ દાવ પર ઘણું બધું લાગ્યું છે કારણ કે, ભાજપ દેશના રાજકીય રીતે દેશના સૌથી મહત્વપૂર્ણ રાજ્યોમાંના એકમાં પોતાની મજબૂત પક્કડ જાળવી રાખવા માગે છે.

### ટ્રમ્પનો વધુ એક ચોંકાવનારો નિર્ણય

# એક સેન્ટના સિક્કાનું પ્રોડક્શન બંધ કરવાનો આપ્યો આદેશ

## ૧ સેન્ટના કોઈનનું પ્રોડક્શન બંધ કરવાની માગ હતી

વોશિંગ્ટન, તા.૧૦

અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે વધુ એક ચોંકાવનારો નિર્ણય લીધો છે. તેમણે Penny એટલે કે ૧ સેન્ટના સિક્કાનું પ્રોડક્શન બંધ કરવા ટ્રેઝરી ડિપાર્ટમેન્ટને આદેશ આપ્યો છે. પેની એટલે કે ૧ સેન્ટ અમેરિકામાં સૌથી નાની કરન્સી છે. પેનીના પ્રોડક્શનમાં થતા ખર્ચને જોતા આ નિર્ણય લેવાયો છે. એક પેનીના પ્રોડક્શનમાં ૩ સેન્ટ કરતા વધુ ખર્ચ થાય છે. એટલે જ ઘણા વર્ષોથી તેને બંધ કરવાની માગ ઉઠી રહી હતી. એક પેની અમેરિકન ડોલરના ૧૦૦મા હિસ્સા બરાબર હોય છે. અમેરિકામાં ૧૮૫૭માં હાફ સેન્ટનું પ્રોડક્શન બંધ કરાયું હતું અને તે પછીથી અત્યાર સુધી પેની એટલે કે એક સેન્ટના સિક્કા અમેરિકાની સૌથી નાની કરન્સી છે.ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું કે, ઘણા વર્ષોથી અમેરિકામાં પેનીનું પ્રોડક્શન થઈ રહ્યું છે અને જેની પડતર ૨ સેન્ટથી વધુ છે. તેમણે તેને પૈસાની બરબાદી જણાવતા તેમણે ટ્રેઝરી સેક્રેટરીને નવી પેનીનું પ્રોડક્શન બંધ કરવા કહ્યું હોવાનું જણાવ્યું હતું. ગત મહિને ઈલોન મસ્કના ડિપાર્ટમેન્ટ ઓફ ગવર્નમેન્ટ એફિશિયન્સી (DOGE)એ ૧ સેન્ટના સિક્કાની પડતર અંગે વાત કરી હતી. તે પછીથી તેનું પ્રોડક્શન બંધ કરવાની માગ જોર પકડવા લાગી હતી. વર્ષ ૨૦૨૩માં યુએસ મિન્ટે લગભગ ૪.૧ અબજ પેનીનું પ્રોડક્શન કર્યું હતું. નાણાકીય વર્ષ ૨૦૨૪માં યુએસ મિન્ટે કહ્યું હતું કે, એક પેનીના પ્રોડક્શનમાં ૩.૭ સેન્ટનો ખર્ચ આવે છે. જે ગત વર્ષની સરખામણીમાં ૨૦ ટકાથી વધુ છે. ઝિંક અને કોપર સહિતના મેટલ્સની કિંમતમાં થયેલા વધારાના કારણે સિક્કા બનાવવા મોંઘા પડી રહ્યા છે. ૨૦૧૩માં બ્રુકિંગ ઈન્સ્ટીટ્યૂશને પણ પેનીનું પ્રોડક્શન બંધ કરવાની તરફેણ કરી હતી. જોકે, અમેરિકાની કરન્સીમાં કયું મેટલ વપરાશે અને તેની ડિઝાઈન કેવી હશે તે કાયદા ઘડનારા નક્કી કરતા હોય છે, ત્યારે શું ટ્રમ્પ અમેરિકનસંસદ કોંગ્રેસની મંજૂરી વિના આવો કોઈ ફેરફાર કરી શકે ખરા? તે સવાલ પણ પૂછાઈ રહ્યો છે.કેટલાક એક્સપર્ટસનું માનવું છે કે, ટ્રેઝરી સેક્રેટરી સંસદની મંજૂરી વિના કરન્સીનું પ્રોડક્શન બંધ કરી શકે છે. ટ્રમ્પના આ નિર્ણયની તરફેણ કરનારાઓનું કહેવું છે કે, તેનાથી ખર્ચ બચશે, ચેકઆઉટ્સમાં ઝડપ આવશે અને પેનીનો સંગ્રહ થવાનું ઘટશે. કેનેડા જેવા કેટલાક અન્ય દેશોએ તો પહેલેથી જ પેનીને તબક્કાવાર ચલણમાંથી બહાર કરવાનું શરૂ કરી દીધું છે. કેનેડાએ વર્ષ ૨૦૧૨માં પેનીનું પ્રોડક્શન બંધ કરી દીધું હતું. ઉલ્લેખનીય છે કે, ટ્રમ્પ વહિવટી તંત્રનું ધ્યાન સતત ખર્ચ પર કાપ મૂકવામાં, સંપૂર્ણ એજન્સીઓ અને મોટી સંખ્યામાં ફેડરલ વર્કફોર્સને નોકરીમાંથી હાંકી કાઢવા પર કેન્દ્રીત છે. સાથે જ ગત ટ્રમ્પે સ્ટીલ અને એલ્યુમિનિયમ આયાત પર ૨૫ ટકા ટેરિફ લગાવવાની પણ જાહેરાત કરી છે. તેમણે કહ્યું હતું કે, તેઓ જુદા-જુદા દેશો પર પારસ્પરિક ટેરિફ પણ લગાવશે. જોકે, તેમણે કયા દેશો પર આ ટેરિફ લગાવાશ તે જણાવ્યું ન હતું. તેમણે સંકેત આપ્યો હતો કે, જે પણ દેશ અમેરિકા પર વધુ ટેરિફ લગાવે છે, તેઓ તેના પર પણ એટલો જ ટેરિફ લગાવશે. ડોનાલ્ડ ટ્રમ્પે પોતાના પહેલા કાર્યકાળમાં પણ સ્ટીલ પર ૨૫ ટકા અને એલ્યુમિનિયમ પર ૧૦ ટકા ટેરિફ લગાવ્યો હતો. મીડિયા રિપોર્ટ્સ મુજબ, ટ્રમ્પ ફાર્માસ્યૂટિકલ, ઓઈલ અને સેમીકન્ડક્ટર જેવી વસ્તુઓ પર પણ ટેરિફ લગાવી શકે છે. જોકે, ટ્રમ્પનું આ પગલું સમગ્ર દુનિયા પર આર્થિક અસર કરી રહ્યું છે.

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ મહાકુંભમાં લગાવી પવિત્ર ડૂબકી

પ્રયાગરાજ, તા.૧૦

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ મહાકુંભમાં પહોંચ્યા હતા, જ્યાં તેમણે આજે (૧૦મી ફેબ્રુઆરી) સંગમમાં ડૂબકી લગાવી હતી. આ દરમિયાન મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તેમની સાથે હાજર હતા. મહામહિમએ સંગમ ખાતે હોડીની સફર કરી અને પક્ષીઓને ચણ આપ્યું હતું. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂની મુલાકાતને ધ્યાનમાં રાખીને શહેરમાં કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.માતા ગંગા, યમુના અને અદૃશ્ય સરસ્વતીના સંગમમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ આસ્થાની ડૂબકી લગાવીને સનાતન આસ્થાને મજબૂત પાયો આપ્યો. દેશના પ્રથમ નાગરિક માટે સંગમમાં પવિત્ર ડૂબકી લગાવવાનો આ એક ઐતિહાસિક ક્ષણ છે. ત્યારબાદ પોતાની ધાર્મિક શ્રદ્ધાને વધુ મજબૂત કરવા માટે તે અક્ષયવટની મુલાકાત લીધી હતી અને પૂજા પણ કરી હતી.મહાકુંભનો આજે ૨૯મો દિવસ છે. ૧૩મી જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ૪૩.૫૭ કરોડથી વધુ ભક્તોએ સ્નાન કર્યું છે. આજે સવારે ૧૦ વાગ્યા સુધીમાં ૬૩ લાખ લોકોએ સ્નાન કર્યું છે. ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ પણ પોતાના પરિવાર સાથે સંગમમાં ડૂબકી લગાવી હતી. હાલ પ્રયાગરાજમાં ભારે ભીડ છે. જેને ધ્યાનમાં રાખીને, અરૈલ ઘાટથી સંગમ સુધીની બોટ સેવા બંધ કરી દેવામાં આવી છે. આ ઉપરાંત, સંગમ સ્ટેશન ૧૪મી ફેબ્રુઆરી સુધી બંધ રાખવામાં આવ્યું છે. પ્રયાગરાજ જંકશન પર ભીડનું સંચાલન કરવા માટે ઈમરજન્સી ભીડ વ્યવસ્થાપન યોજના લાગુ કરવામાં આવી છે.

### લોકસભામાં અનુરાગ ઠાકુરે રાહુલ ગાંધી પર કર્યો કટાક્ષ

# રાહુલ ગાંધીનું નામ લઈને પેમ્ફલેટ દેખાડતા કહ્યું હતું કે, રાહુલજી શૂન્ય ચેક કરી લો

**અનુરાગ ઠાકુરે કહ્યું કે, હજુ એક શૂન્ય છે : આ કોંગ્રેસની બેઠકો વિશે નથી, મેં રાહુલ ગાંધીને શૂન્ય ગણવા વિશે કહ્યું છે**

નવી દિલ્હી, તા.૧૦

હાલમાં સંસદમાં ચાલી રહેલા બજેટ સત્ર દરમિયાન ભારતીય જનતા પાર્ટીના સાંસદ અનુરાગ ઠાકુરે કોંગ્રેસના સાંસદ અને વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે સંસદમાં રાહુલ ગાંધીનું નામ લઈને પેમ્ફલેટ દેખાડતા કહ્યું હતું કે, રાહુલજી શૂન્ય ચેક કરી લો. અનુરાગ ઠાકુરે સંસદમાં જે પેમ્ફલેટ દેખાડ્યું હતું તેમાં ૧૨ લાખ રૂપિયા સુધીની આવક પર શૂન્ય કર છે તેવું લખ્યું હતું. અનુરાગ ઠાકુરે કહ્યું કે, હજુ એક શૂન્ય છે. આ કોંગ્રેસની બેઠકો વિશે નથી. મેં રાહુલ ગાંધીને શૂન્ય ગણવા વિશે કહ્યું છે.

અનુરાગ ઠાકુરે વધુમાં જણાવ્યું હતું કે, હું તમારી સામે પૂછવા માંગું છું કે વર્ષ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં જનતાએ કોંગ્રેસને કેટલી બેઠકો આપી હતી? (હાજર સંસદમાં બેસેલા સત્તા પક્ષના સાંસદોએ કહ્યું શૂન્ય), વર્ષ ૨૦૧૯માં લોકસભામાં કોંગ્રેસને કેટલી બેઠકો મળી? (હાજર સંસદમાં બેસેલા સત્તા પક્ષના સાંસદોએ કહ્યું શૂન્ય), વર્ષ ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં કેટલી બેઠકો મળી શૂન્ય, વર્ષ ૨૦૨૪માં લોકસભા ચૂંટણીમાં કેટલી બેઠકો મળી? (હાજર સંસદમાં બેસેલા સત્તા પક્ષના સાંસદોએ કહ્યું શૂન્ય), વર્ષ ૨૦૨૫માં વિધાનસભામાં કેટલી બેઠકો મળી શૂન્ય, જો આ શૂન્ય બનાવવાનો રેકોર્ડ કોઈએ બનાવ્યો છે તો એ રાહુલ ગાંધીના નેતૃત્વમાં કોંગ્રેસે બનાવ્યો છે.

અહીં તમને જણાવી દઈએ કે થોડા દિવસો પહેલા બજેટ સત્ર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાહુલ ગાંધી પર પણ નિશાન સાધ્યું હતું. પોતાના સંબોધન દરમિયાન તેમણે પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધી, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અને આમ આદમી પાર્ટી પર પ્રહાર કરતાં કહ્યું કે, આપણે છેલ્લા પાંચ દાયકાથી ગરીબી નાબૂદીના માત્ર નારા સાંભળ્યા છે. પરંતુ અમે ગરીબોને માત્ર નારા નથી આપ્યા, અમે તેમને સાચો વિકાસ આપ્યો છે. અમારી સરકારે ૨૫ કરોડ લોકોને ગરીબીમાંથી બહાર કાઢ્યા છે. જ્યારે જમીન સાથે જોડાયેલા લોકો જમીનની વાસ્તવિકતા જાણીને જમીન પર પોતાનું જીવન વિતાવે છે,

ત્યારે જમીન પર પરિવર્તન નિશ્ચિત બને છે. વધુમાં મોદીએ કહ્યું હતું કે, ગરીબોનું દુઃખ, સામાન્ય માણસની મુશ્કેલીઓ, મધ્યમ વર્ગના સપનાઓને એમ જ સમજી શકાતા નથી, તેના માટે જુસ્સાની જરૂર છે. દુઃખની વાત છે કે કેટલાક લોકો પાસે તે નથી. વરસાદની ઋતુમાં પ્લાસ્ટિકની ચાદર અને છાપરા નીચે રહેવું ખૂબ મુશ્કેલ હોય છે. ક્યારેક ક્યારેક સપનાઓ ચકનાચૂર થઈ જાય છે. દરેક વ્યક્તિ આ સમજી શકતી નથી.

### રાષ્ટ્રપતિ શાસનની શક્યતા, ધારાસભ્યો સાથે બેઠક

# CMના રાજીનામાં બાદ મણિપુરમાં ઉથલપાથલ

**મણિપુરમાં છેલ્લા કેટલાક સમયથી ડેરો જમાવીને બેઠેલા સંબિત પાત્રાનું નામ મુખ્યમંત્રીની રેસમાં આગળ છે**

મણિપુર, તા.૧૦

મણિપુરના મુખ્યમંત્રી એન. બિરેન સિંહે (દ્ર મૈીહ જૈહપ્ર) ગઈકાલે (૯ ફેબ્રુઆરી) પદ પરથી રાજીનામું આપી દીધું છે. જો કે, નવા મુખ્યમંત્રીની નિમણૂક ન થાય ત્યાં સુધી તેઓ કામચલાઉ ધોરણે પદ પર કાર્યરત રહેશે.

છેલ્લા ઘણા સમયથી હિંસામાં બળી રહેલાં મણિપુરના મુખ્યમંત્રીના અચાનક રાજીનામાં બાદ નવા મુખ્યમંત્રી માટે ચર્ચાઓ વધી છે. જો કે, હજુ સુધી હાઈ કમાન્ડ તરફથી કોઈ સ્પષ્ટતા આપવામાં આવી નથી. ત્યારે આ તમામ ઘટનાક્રમ વચ્ચે કેન્દ્ર સરકાર રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે.

સૂત્રોના જણાવ્યા મુજબ મણિપુરમાં રાજકીય ઉથલપાથલ વચ્ચે રાષ્ટ્રપતિ શાસન લાદી શકે છે. રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં અનેક હિંસાત્મક ઘટનાઓ બન્યા બાદ બિરેન સિંહ પર રાજકીય દબાણ વધી રહ્યું હતું. વિપક્ષ વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન તેમના વિરુદ્ધ અવિશ્વાસનો પ્રસ્તાવ લાવવાનો હતો, જોકે તે પહેલા જ તેમણે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દીધું છે. હાલ રાજ્યમાં નવી સરકાર બનાવવાની સંભાવના શોધવામાં આવી રહી છે. ભારતીય જનતા પાર્ટી (BJP) રાજ્યમાં સરકાર બનાવવાનો પ્રયાસ કરશે. જો નવી સરકાર નહીં બને તો રાજ્યમાં રાષ્ટ્રપતિ શાસન લાદવામાં આવી શકે છે. જ્યારે સુધી નવી સરકારની રચના નહીં થાય, ત્યાં સુધી બિરેન સિંહ કાર્યવાહક મુખ્યમંત્રી રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, સંબિત પાત્રાએ એવા ત્રણ ધારાસભ્યો સાથે બેઠક કરી હતી,

જેઓ બિરેન સિંહ સાથેના બગડેલા સંબંધો માટે જાણીતા છે. સૂત્રો મુજબ, ભાજપના આ ધારાસભ્યો આગામી ૪૮ કલાકમાં રાજ્ય અથવા અન્ય જગ્યાએ બેઠકો યોજે તેવી શક્યતા છે. મણિપુરમાં હાલ રાજકીય સ્થિતિ બગડતા સંજેન્થોંગ, સિંગજામેઈ, મોઈરાંગખોમ, કીસમપત અને કંગલા ગેટ જેવા સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા કડક કરવામાં આવી છે.

મણિપુરમાં છેલ્લા કેટલાક સમયથી ડેરો જમાવીને બેઠેલા ભાજપના ટોચના નેતા સંબિત પાત્રાનું નામ મુખ્યમંત્રીની રેસમાં આગળ ચાલી રહ્યું છે. આ સિવાય ભાજપના અન્ય ટોચના નેતાઓનું નામ ચર્ચાઈ રહ્યા છે. જો કે, મણિપુરમાં નવા મુખ્યમંત્રીની પસંદગી થશે કે પછી રાષ્ટ્રપતિ શાસન લાગુ થશે? તે મુદ્દે પણ પક્ષ તરફથી કોઈ સ્પષ્ટતા આપવામાં આવી નથી. બીજી તરફ કુકી અને મૈતેઈ સમુદાય વચ્ચે ચાલી રહેલા રમખાણો પર નિયંત્રણ મેળવવામાં નિષ્ફળ બિરેન સિંહે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપતાં આજથી શરૂ થઈ રહેલું મણિપુરનું વિધાનસભા સત્ર સ્થગિત કરવામાં આવ્યું છે.

### મમતા બેનર્જીની બંગાળની ચૂંટણીને લઈને ભવિષ્યવાણી

# પશ્ચિમ બંગાળમાં કોંગ્રેસ પાર્ટીનું કોઈ અસ્તિત્વ નથી

**ભાજપનો મુકાબલો કરવા માટે ટીએમસી એકલી પૂરતી**

કોલકાતા, તા.૧૦

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ આજે સોમવારે (૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૫) વિધાનસભામાં તેમના પક્ષના ધારાસભ્યોને મળ્યા. આ દરમિયાન તેમણે કહ્યું કે દિલ્હી ચૂંટણીના પરિણામોની આગામી વર્ષે યોજાનારી બંગાળ વિધાનસભાની ચૂંટણી પર કોઈ અસર નહીં થાય. "અમે બે તૃતીયાંશ બહુમતી સાથે અમારી પોતાની રીતે સત્તામાં આવીશું. કોંગ્રેસ પાસે અહીં કંઈ નથી. અમે અમારા દમ પર જીતીશું," મમતાએ વિધાનસભા બજેટ સત્ર પહેલા આંતરિક બેઠક દરમિયાન તૃણમૂલ ધારાસભ્યોને જણાવ્યું હતું.

સીએમ મમતા બેનર્જીએ કહ્યું, "આવતા વર્ષે તૃણમૂલ કોંગ્રેસ બે તૃતીયાંશથી વધુ બહુમતી સાથે સત્તામાં પાછી આવશે. તેમણે એ પણ ભાર મૂક્યો કે બંગાળમાં ભાજપનો મુકાબલો કરવા માટે તૃણમૂલ કોંગ્રેસ એકલી જ પૂરતી છે. તેમણે કહ્યું કે બંગાળમાં કોંગ્રેસનું કોઈ અસ્તિત્વ નથી. તેમણે એમ પણ કહ્યું કે હરિયાણામાં આમ આદમી પાર્ટીએ કોંગ્રેસને મદદ કરી નથી અને તાજેતરમાં દિલ્હીમાં યોજાયેલી ચૂંટણી દરમિયાન કોંગ્રેસે આમ આદમી પાર્ટીને મદદ કરી નથી." સૂત્રોને ટાંકીને જાણવા મળ્યું છે કે ્સ્ઝ ચીફે પણ સ્વીકાર્યું છે કે જો બંને પક્ષો સાથે મળીને કામ કર્યું હોત તો પરિણામ અલગ હોત. નાદિયા જિલ્લાના એક ટીએમસી ધારાસભ્યએ કહ્યું, "કોંગ્રેસને લગભગ ૫ ટકા મત મળવાથી પરિણામોમાં ફરક પડ્યો. જો કોંગ્રેસે થોડીક સુગમતા બતાવી અને આમ આદમી પાર્ટી સાથે ચૂંટણી કરાર કર્યો હોત તો પરિણામો અલગ હોત."

તેમણે એમ પણ કહ્યું કે હરિયાણામાં પણ છછઁએ કોંગ્રેસને સમર્થન આપ્યું નથી. તેમનું માનવું છે કે જો બંને ગઠબંધન ભાગીદારો એકસાથે ચૂંટણી લડ્યા હોત તો હરિયાણામાં બીજેપી ફરી સત્તામાં ન આવી હોત. નોંધનીય છે કે, દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભારે બહુમતી મેળવ્યા પછી, હવે તમામની નજર આગામી સ્ઝઢ (દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન) મેયરની ચૂંટણી પર છે, જે આ વખતે ખૂબ જ રસપ્રદ રહેવાની ધારણા છે. મેયરની ચૂંટણીમાં, ૨૫૦ ચૂંટાયેલા કાઉન્સિલરોની સાથે, ૧૦ સાંસદો (૭ લોકસભા અને ૩ રાજ્યસભા) અને ૧૪ નામાંકિત ધારાસભ્યો (જે પક્ષ અને વિપક્ષના ધારાસભ્યોના ગુણોત્તર અનુસાર છે) પણ મતદાન કરે છે.

### લોકોના જીવનશૈલી પર પણ અસર

# કેન્દ્ર બંધારણ, લોકશાહીને નબળી પાડી રહી છે : પ્રિયંકા

**કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેન્દ્ર સરકાર પર બંધારણ અને લોકશાહીને નબળા પાડવાનો આરોપ મુક્યો છે**

વાયનાડ, તા.૧૦

કોંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કેન્દ્ર સરકાર પર બંધારણ અને લોકશાહીને નબળા પાડવાનો આરોપ મુક્યો છે. વાયનાડ સાંસદ પ્રિયંકાએ મનન્થવાડી વિધાનસભા મતવિસ્તારમાં બૂથ-સ્તરના નેતાઓની બેઠકમાં દાવો કર્યો હતો કે, દેશ એવા સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે જ્યાં કેન્દ્રની સરકાર 'ભારતમાં બંધારણ અને લોકશાહીને નબળા પાડવા બધું કરી રહી છે. તેમણે કહ્યું કે આજે પણ વાયનાડ જિલ્લાના જે લોકો ગયા વર્ષે પૂર અને ભૂસ્ખલનથી પ્રભાવિત થયા હતા તેમને પૂરતું વળતર મળ્યું નથી.પ્રિયંકાએ વધુમાં ઉમેર્યું કે, લોકસભામાં કોંગ્રેસના પ્રયાસોને કારણે જ કેન્દ્ર સરકારે વાયનાડમાં ભૂસ્ખલનને ગંભીર 'આપત્તિ' જાહેર કરી છે.'' તેમણે આશા વ્યક્ત કરી કે અસરગ્રસ્ત લોકોને પુનર્વસન માટે વધુ ભંડોળ મળશે. તેમણે વાયનાડ જિલ્લામાં જંગલી પ્રાણીઓના હુમલાને કારણે થયેલા જાનમાલના નુકસાનનો પણ ઉલ્લેખ કર્યો અને કહ્યું કે આ માનવ અને પ્રાણીઓ વચ્ચેના સંઘર્ષને કારણે થઈ રહ્યું છે. તે લોકોના જીવનશૈલી પર પણ અસર કરી રહ્યું છે.વાયનાડ સાંસદે કહ્યું કે, ''ગઈ વખતે જ્યારે હું વાયનાડ આવી હતી, ત્યારે જિલ્લા વહીવટીતંત્રે કહ્યું હતું કે માનવ-પ્રકૃતિ સંઘર્ષ ઘટાડવા અને લોકોની સલામતી સુનિશ્ચિત કરવા માટે તેમને વધુ ભંડોળની જરૂર છે. મેં તેમને કહ્યું કે આપણે સાથે મળીને કામ કરીશું અને શક્ય તેટલું ભંડોળ એકત્ર કરીને આ સમસ્યાનો ઉકેલ લાવીશું.

### ભારતે બીજી વન-ડેમાં ઈંગ્લેન્ડને ચાર વિકેટે કચડ્યું

# રોહિતનો ઝંઝાવાત, ભારતને વન-ડે શ્રેણીમાં ૨-૦ની અજેય લીડ

કટક, તા.૧૦

ભારતીય ટીમના સુકાની રોહિત શર્માએ ઈંગ્લેન્ડ સામે કટકમાં રમાયેલી બીજી વન-ડેમાં ઝંઝાવાતી સદી ફટકારીને ચેમ્પિયન્સ ટ્રોફી પૂર્વે પોતાનું ફોર્મ પરત મેળવ્યું હતું તેમજ ટીકાકારોને જડબાતોડ જવાબ આપ્યો હતો. રોહિતે ૯૦ બોલમાં ૧૧૯ રનની કેપ્ટન્સ ઈનિંગ્સ રમતા ભારતે ઈંગ્લેન્ડનો ૩૦૫ રનનો ટારગેટ ૩૩ બોલ બાકી રાખીને પાર કરી લેતા ચાર વિકેટે વિજય થયો હતો. સળંગ બીજી વન-ડેમાં જીત સાથે ભારતે ઈંગ્લેન્ડ સામે ત્રણ વન-ડેની સિરીઝમાં ૨-૦ની અજેય લીડ પણ મેળવી હતી. આ સાથે જ ૧૨ ફેબ્રુઆરીએ અમદાવાદમાં રમાનાર વન-ડે ચેમ્પિયન્સ ટ્રોફી અગાઉ પ્રેક્ટિસ મેચ બની રહેશે. ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કરતા ઈંગ્લેન્ડ ૪૯.૫ ઓવરમાં ૩૦૪ રનમાં આઉટ થયું હતું. જવાબમાં ભારતે મેન ઓફ ધ મેચ રોહિતના ૧૧૯ રનની મદદથી ૪૪.૩ ઓવરમાં જ છ વિકેટ ગુમાવીને લક્ષ્ય પ્રાપ્ત કરી લીધું હતું. શુભમન ગિલે ૬૦ રનનું યોગદાન આપતા પ્રથમ વિકેટ માટ ૧૩૬ રનની પાર્ટનરશિપ કરતા મજબૂત શરૂઆત અપાવી હતી. ઈંગ્લેન્ડ બોલર્સ એક તબક્કે દિશાહીન રહ્યા હતા. રોહિત શર્માએ ૯૦ બોલમાં ૧૧૯ રન ફટકાર્યા હતા જેમાં ૧૨ ચોગ્ગા અને સાત છગ્ગાનો સમાવેશ થયો હતો. રોહિતે વન-ડે કારકિર્દીની ૩૨મી સદી ફટકારી હતી અને તે વન-ડેમાં સર્વાધિક સદી ફટકારનાર બેટ્સમેનની યાદીમાં ત્રીજા ક્રમે છે. તેનાથી આગળ ભારતના અન્ય બે બેટ્સમેન સચિન તેંડુલકર (૪૯) અને વિરાટ કોહલી (૫૦) છે. ભારતે ઈંગ્લેન્ડના ૩૦૫ રનના ટારગેટને ચેઝ કરતા મક્કમ પ્રારંભ કર્યો હતો. કેપ્ટન રોહિતે એક છેડેથી ફટકાબાજી સાથે આક્રમક રમત ચાલુ રાખી હતી જ્યારે શુભમન ગિલે પણ તેનો સાથે આપ્યો હતો અને ગિલે ૫૨ બોલમાં નવ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૬૦ રન ફટકાર્યા હતા. કટકના બારાબતી સ્ટેડિયમમાં એક ફ્લડ લાઈટ ટાવરમાં ખામી સર્જાતા અડધો કલાક મેચને રોકવાની ફરજ પડી હતી. તે સમયે રોહિત ૨૯ રને રમતમાં હતો પરંતુ બ્રેકને લીધે પણ રોહિતે લય ગુમાવી નહતી અને ભારતની જીતનો પાયો નાંખ્યો હતો. બીજી વન-ડેમાં કમબેક કરનાર કોહલી (૫) ખાસ સફળ રહ્યો નહતો અને તે રશિદના બોલ પર વિકેટપાછળ કેચ આઉટ થઈ ગયો હતો. શ્રેયસ ઐયરે ૪૭ બોલમાં ૪૪ રનની ઉપયોગી ઈનિંગ્સ રમી હતી. અક્ષર પટેલ ૪૧ રન કરીને અણનમ રહ્યો હતો. મધ્યક્રમમાં બંને બેટ્સમેનોએ ચોથી વિકેટ માટે ૩૮ રન જોડ્યા હતા પરંતુ ગેરસમજને કારણે ઐયર રન આઉટ થયો હતો. રાહુલ તથા હાર્દિક પણ ૧૦-૧૦ રન કરી ઝડપથી પેવેલિયન પરત ફર્યા હતા. જાડેજા ૧૧ રન કરીને નોટ આઉટ રહ્યો હતો અને જીતની ઔપચારિકા પુરી કરી હતી. ભારત માટે મેચનો નાયક કેપ્ટન રોહિત શર્મા રહ્યો હતો જેણે ઈંગ્લેન્ડના બોલર્સની જોરદાર ધોલાઈ કરતા વન-ડેમાં ૩૨મી સદી ૭૬ બોલમાં ફટકારી હતી. ભારતે મક્કમ પ્રારંભ કર્યો હોવાથી પાછળના ક્રમના બેટ્સમેનો પર કોઈ ખાસ દબાણ નહતું પરંતુ ઈંગ્લેન્ડના બોલર્સે શરૂઆતની ધબકડા બાદ કમબેકનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. ઓવરટને બે વિકેટ લીધી હતી. એટકિન્સન, રશિદ અને લિવિંગસ્ટને એક-એક વિકેટ મેળવી હતી.

### ભાજપ નેતાએ સંસદમાં ઊઠાવ્યો મુદ્દો

# ભારતમાં ભાગલા પાડવા USAIDએ પાંચ હજાર કરોડ રૂપિયા ખર્ચ્યા!

**ટ્રમ્પનો આરોપ છે કે સોરોસે આ પૈસાનો ઉપયોગ ભારત અને બાંગ્લાદેશ સહિત ઘણાં દેશોમાં અસ્થિરતા ફેલાવવા કર્યો હતો**

નવી દિલ્હી, તા.૧૦

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) પર પ્રતિબંધો લાદ્યા છે, ત્યારથી સમગ્ર વિશ્વમાં હોબાળો મચી ગયો છે. અગાઉ, ટ્રમ્પે દાવો કર્યો છે કે હંગરી-અમેરિકન અબજોપતિ જ્યોર્જ સોરોસના સંગઠનોને યુએસ એજન્સી ફોર ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ (USAID) તરફથી ૨૬૦ મિલિયન ડોલર એટલે કે ૨૬ કરોડ મળ્યા છે. ટ્રમ્પનો આરોપ છે કે સોરોસે આ પૈસાનો ઉપયોગ ભારત અને બાંગ્લાદેશ સહિત ઘણાં દેશોમાં અસ્થિરતા ફેલાવવા અને રાજકીય બાબતોને પ્રભાવિત કરવા માટે કર્યો હતો. હવે આ મુદ્દો ભારતની સંસદમાં ઊઠાવવામાં આવ્યો છે.ભારતીય જનતા પાર્ટીના સાંસદ નિશિકાંત દુબેએ માંગ કરી હતી કે સરકારે આ મામલાની તપાસ કરવી જોઈએ અને દોષિતોને જેલમાં મોકલવા જોઈએ. કોંગ્રેસને અમેરિકન ઉદ્યોગપતિ જ્યોર્જ સોરોસ સાથે સંબંધ છે. ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ જણાવ્યું હતું કે, 'અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે યુએસએઆઈડી સંસ્થાને સંપૂર્ણપણે બંધ કરી દીધી છે કારણ કે તે વર્ષોથી વિવિધ સરકારોને ઉથલાવી પાડવા માટે પૈસા ખર્ચી રહી હતી. વિપક્ષે જણાવવું જોઈએ કે, યુએસએઆઈડીએ ભારતના વિભાજન માટે જ્યોર્જ સોરોસના ઓપન સોસાયટી ફાઉન્ડેશનને ૫૦૦૦ કરોડ રૂપિયા આપ્યા હતા કે નહીં. તેમણે રાજીવ ગાંધી ફાઉન્ડેશનને પૈસા આપ્યા કે નહીં.'

નિશિકાંત દુબેએ સવાલો ઊઠાવ્યા કે, 'શું યુએસએઆઈડીએ તાલિબાનને પૈસા આપ્યા હતા? વિપક્ષે જણાવવું જોઈએ કે શું આ અમેરિકન સંગઠને આતંકવાદી અને નક્સલવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપતા કેટલાક સંગઠનોને પૈસા આપ્યા હતા કે નહીં.

ભાજપના સાંસદે યુએસએઆઈડી પર માનવ અધિકારોના નામે અને 'સેન્ટર ફોર પોલિસી રિસર્ચ'ના નામે વિવિધ સંસ્થાઓને પૈસા આપવાનો આરોપ લગાવતા સરકારને વિનંતી કરી કે તેઓ આની તપાસ કરે અને દેશને નુકસાન પહોંચાડવા માટે પૈસા લેનારાઓને જેલમાં ધકેલી દે. દુબે દ્વારા લગાવવામાં આવેલા આ આરોપો સામે કોંગ્રેસના સભ્યોએ સૂત્રોચ્ચાર કર્યા હતા.

### ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે મેચ યોજાશે

# અમદાવાદમાં બુધવારે રમાશે વનડે મેચ, સ્ટેડિયમ જવા માટે દર ૮ મિનિટે મળશે મેટ્રો

**મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે**

અમદાવાદ,તા.૧૦

તા. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે યોજાનારી આગામી એક દિવસીય ક્રિકેટ મેચને ધ્યાનમાં રાખીને GMRC એ મેચના દિવસે અમદાવાદમાં મેટ્રો ટ્રેન સેવાઓને મધ્યરાત્રિના ૧૨ વાગ્યા સુધી લંબાવવાનો નિર્ણય કર્યો છે.તા. ૧૨ ફેબ્રુઆરીના રોજ, અમદાવાદમાં (મોટેરાથી એપીએમસી અને થલતેજ ગામથી વસ્ત્રાલ ગામ સુધી) મેટ્રો ટ્રેન દર ૮ મિનિટે ઉપલબ્ધ રહેશે.

રાત્રિના ૧૦ વાગ્યાથી મધ્યરાત્રિના ૧૨ વાગ્યા સુધીના લંબાયેલ સમય દરમ્યાન માત્ર મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશન પરથી મેટ્રોમાં બેસી શકાશે અને ત્યાંથી અમદાવાદના કોઈ પણ મેટ્રો સ્ટેશન પર જઈ શકાશે.મોટેરા સ્ટેશનથી છેલ્લી ટ્રેનનો ઉપડવાનો સમય મધ્યરાત્રિના ૧૨ વાગ્યાનો રહેશે.

રાત્રિના ૧૦ વાગ્યા પછી મોટેરા સ્ટેડિયમ અને સાબરમતી મેટ્રો સ્ટેશનમાં પ્રવેશ કરવા માટે માત્ર પેપર ટિકિટ લેવાની રહેશે કે જે આખા દિવસ દરમ્યાન નિરાંત ક્રોસ રોડ, એપેરલ પાર્ક, કાલુપુર, ઓલ્ડ હાઈકોર્ટ, થલતેજ, મોટેરા, સાબરમતી, રાણીપ, વાડજ અને જીવરાજ મેટ્રો સ્ટેશનો પરથી તે દિવસે અગાઉથી ખરીદી શકાશે, જેથી પરત ફરતી વખતે મોટેરા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશન ખાતે ટિકિટ માટે લાઈનમાં ઉભા રહેવાનું ટાળી શકાય.

જાહેર જનતાને નોંધ લેવા નમ્ર વિનંતી છે કે મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન સેવાઓ રાબેતા મુજબ જ રહેશે. કિઓસ્ક, ટોકન વેન્ડિંગ મશીન, ટિકિટ કાઉન્ટર, મોબાઈલ એપ થી અગાઉથી ખરીદેલી ટિકિટ રાત્રિ ના ૧૦ વાગ્યા પછી લંબાયેલ સમય દરમ્યાન માન્ય રહેશે નહીં. અમદાવાદ પોલીસ દ્વારા શહેરમાં મેચને લઈને ટ્રાફિક સમસ્યા ન થાય તે માટે જાહેરનામું બહાર પડાયું છે. મેચના દિવસે સવારે ૯ કલાકથી જનપથ ટી થી મોટેરા સ્ટેડિયમ મુખ્ય ગેટ થઈ કૃપા રેસીડેન્સી ટી થઈ મોટેરા ગામ ટી સુધીનો રસ્તો વાહન વ્યવહાર માટે બંધ રહેશે. તારીખ- ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે વનડે ક્રિકેટ મેચ નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, મોટેરા ખાતે રમાનાર હોય દર્શાવ્યા મુજબનો માર્ગ વાહનોની અવરજવર માટે બંધ ડાયવર્ઝન કરવામાં આવે છે.તપોવન સર્કલથી ઓએનજીસી ચાર રસ્તાથી ટી થી જનપથ ટી થઈ પાવર હાઉસ ચાર રસ્તા થઈ પ્રબોધરાવળ સર્કલ સુધીના જતા-આવતા માર્ગ પરથી અવર-જવર કરી શકાશે.

કૃપા રેસીડેન્સીથી ટી થઈ શરણ સ્ટેટસ ચાર રસ્તા થઈ ભાટ કોટેશ્વર રોડ થી એપોલો સર્કલ તરફ અવર-જવર કરી શકાશે.

### કચ્છમાં ૩.૧ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો

# કચ્છમાં ફરી એક વખત ભુકંપના આંચકા અનુભવાયા

**ગત ડિસેમ્બર માસમાં ૨૩,૨૪ અને ૨૯ના કચ્છમાં ભચાઉ,દુધઈ અને લખપતથી ૭૬ કિ.મી.અંતરે બોર્ડર પાસે એમ ત્રણ આંચકા નોંધાયા હતા**

કચ્છ, તા.૧૦

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી ભૂકંપના આંચકા નોંધાઈ રહ્યા છે. ગત મોડી રાત્રે ૨:૪૬ વાગે આવેલા ભૂકંપના આંચકાનું કેન્દ્ર બિંદુ રાપર નજીક નોંધાયુ હતું. ગુજરાતમાં ભૂકંપના આંચકા ખાસ કરીને અમરેલી અને કચ્છમાં અનુભવતા હોય છે. જે બાદ ગત મોડી રાત્રે ફરી કચ્છમાં ૩.૧ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો નોંધાયો છે. હમણાં થોડા દિવસ પહેલા જ કચ્છમાં આવેલ ભૂકંપથી લોકો ફફડી ઉઠ્યા હતા અને ઘરની બહાર દોડી આવ્યા હતા. જો કે હાલમાં આ ભૂકંપથી કોઈ જાનહાનિ કે આર્થિક નુકશાનના કોઈ સમાચાર નથી. મળતી માહિતી મુજબ ગત મોડી રાત્રે ૨:૪૬ વાગ્યાની આસપાસ કચ્છ પંથકમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૩.૧ ની નોંધાઈ હતી. અને તેનુ કેન્દ્રબિંદુ રાપર નજીક નોંધાયુ હતું. જો કે સદનસીબે આ ભૂકંપના આંચકાથી કોઈ જાનહાનિના થઈ નથી.સૌરાષ્ટ્ર-કચ્છમાં જાન્યુઆરી માસમાં પૃથ્વીના પેટાળમાં હલચલ,કંપન વધ્યા છે. ઈન્સ્ટીટયુટ દ્વારા માત્ર ૨.૫થી વધુ તીવ્રતાના ભૂકંપની જ વિગતો ૨૫ઓનલાઈન જારી કરાતી હોય છે જે મુજબ ગત ડિસેમ્બર માસમાં ૨૩,૨૪ અને ૨૯ના કચ્છમાં ભચાઉ,દુધઈ અને લખપતથી ૭૬ કિ.મી.અંતરે બોર્ડર પાસે એમ ત્રણ આંચકા નોંધાયા હતા.જ્યારે જાન્યુઆરી માસના ૨૩ દિવસમાં ભચાઉ, રાપર,દુધઈમાં પાંચ આંચકા અને તલાલામાં ૨ ઉના પાસે ૧ અને ઉત્તર ગુજરાતમાં વાવ વિસ્તારમાં ૧ સહિત ૯ ધરતીકંપ નોંધાયા છે. આમ, ૨૩ ડિસેમ્બરથી આજે ૨ ફેબ્રુઆરી સુધી દોઢ માસમાં ૧૫ ધરતીકંપ નોંધાયા છે. રિક્ટર સ્કેલ પર ૨.૫થી ઓછી તીવ્રતાના આંચકા તો અસંખ્ય આવ્યાની શક્યતા છે.

### 'કેજરીવાલની બદલાતી નીતિઓથી નુકસાન થયું'

# 'કેજરીવાલને ધરપકડ બાદ રાજીનામું આપી દેવું જોઈતું હતું' : પ્રશાંત કિશોર

**પ્રશાંત કિશોરે કહ્યું કે આમ આદમી પાર્ટીની હારનું સૌથી મોટું કારણ ૧૦ વર્ષનો સત્તા વિરોધી માહોલ હતો**

નવી દિલ્હી, તા.૧૦

દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં આમ આદમી પાર્ટી (AAP) ની કારમી હાર પર જન સૂરજ પાર્ટીના વડા અને ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે દારૂ નીતિ કેસમાં જામીન મળ્યા બાદ અરવિંદ કેજરીવાલનું મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવું એ એક મોટી વ્યૂહાત્મક ભૂલ હતી, જેનાથી પાર્ટીને ભારે નુકસાન થયું.એક ઈન્ટરવ્યુમાં, પ્રશાંત કિશોરે જણાવ્યું હતું કે તાજેતરના વર્ષોમાં કેજરીવાલની બદલાતી રાજકીય વ્યૂહરચના, જેમ કે પહેલા ઈન્ડિયા બ્લોકમાં જોડાવું અને પછી એકલા દિલ્હી ચૂંટણી લડવાનો નિર્ણય લેવો, તે પણ AAPના નબળા પ્રદર્શનનું એક મુખ્ય કારણ હતું.ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોરે કહ્યું કે આમ આદમી પાર્ટીની હારનું સૌથી મોટું કારણ 10 વર્ષનો સત્તા વિરોધી માહોલ હતો. બીજી અને કદાચ સૌથી મોટી ભૂલ કેજરીવાલનું રાજીનામું હતું. વાસ્તવમાં, દારૂ નીતિ કેસમાં ધરપકડ થતાં જ કેજરીવાલને રાજીનામું આપવું જોઈતું હતું,

પરંતુ જામીન મળ્યા પછી અને ચૂંટણી પહેલા, બીજા કોઈને મુખ્યમંત્રી બનાવવું તેમના માટે એક મોટી વ્યૂહાત્મક ભૂલ સાબિત થઈ.દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં ભાજપ 27 વર્ષ પછી સત્તામાં પાછી ફરી છે. ભાજપે 70 માંથી 48 વિધાનસભા બેઠકો જીતીને આમ આદમી પાર્ટીના 10 વર્ષના શાસનનો અંત લાવ્યો. તે જ સમયે, AAP ફક્ત 22 બેઠકો પર સમેટાઈ ગઈ છે. જ્યારે કોંગ્રેસ સતત ત્રીજી વખત ખાતું ખોલવામાં નિષ્ફળ રહી.પ્રશાંત કિશોરે કહ્યું કે કેજરીવાલની સતત બદલાતી રાજકીય વ્યૂહરચનાઓ તેમની વિશ્વસનીયતાને નબળી પાડે છે. પહેલા ઈન્ડિયા બ્લોકમાં જોડાવાનો અને પછી તેને છોડવાનો નિર્ણય તેમની છબીને નુકસાન પહોંચાડે છે. આ ઉપરાંત, તાજેતરના વર્ષોમાં તેમનું વહીવટી મોડેલ પણ નબળું પડ્યું છે. ચૂંટણી રણનીતિકારે કહ્યું કે દિલ્હીમાં ગયા ચોમાસા દરમિયાન નીચાણ વાળા વિસ્તારોમાં રહેતા લોકોને જે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો તેનાથી AAP સરકારની વહીવટી નિષ્ફળતાઓ છતી થઈ. ઝૂંપડપટ્ટી વિસ્તારોમાં રહેતા લોકોને પડતી સમસ્યાઓએ કેજરીવાલ સરકારની કાર્યશૈલી પર પ્રશ્નાર્થ મૂક્યો અને આ તેમના માટે હાનિકારક સાબિત થયું.

### તપાસમાં દબાણ કરતા હોવાથી નેતાઓ સામેના કેસોનો અંત આવતો નથી

# સાંસદો-ધારાસભ્યો વિરુદ્ધ પેન્ડિંગ ૫૦૦૦ કેસનો ઝડપી નિકાલ લાવવા સુપ્રીમને અપીલ

**કેટલાંક કેસ તો દાયકાઓથી પેન્ડિંગ રહ્યા છે જે દર્શાવે છે કે ધારાસભ્યો અને સાંસદો પોતાની સામે ચાલી રહેલી તપાસમાં દબાણ કે પ્રભાવ ઉભો કરે છ**

નવી દિલ્હી, તા.૧૦

દેશના હાલ ચાલુ અને ભૂતપૂર્વ એવા સંસદસભ્યો અને ધારાસભ્યો વિરુદ્ધ છેલ્લાં કેટલાંય સમયથી પેન્ડિંગ રહેલાં ૫૦૦૦ કેસને ધ્યાનમાં લેતા આ તમામ કેસના ઝડપી નિકાલ માટે આદેશ કરવા સુપ્રીમ કોર્ટને અપીલ કરાઈ છે. સંસદસભ્યો અને ધારાસભ્યો વિરુદ્ધ નોંધાયેલા ક્રિમિનલ કેસોના ઝડપી નિકાલની દાદ માંગતી કરાયેલી જાહેર હિતની અરજીઓના કિસ્સામાં કોર્ટ મિત્ર તરીકે નિયુક્ત થયેલા સિનિયર એડવોકેટ વિજય હન્સારીએ એવી દલીલ સાથે એક અરજી દાખલ કરી છે કે મોટાભાગે ધારાસભ્યો કે સાંસદો પોતાની વિરુદ્ધ ચાલી રહેલી તપાસમાં ખુબ દબાણ અને પ્રભાવ ઉભો કરે છે જેના કારણે તેઓ વિરુદ્ધ ચાલી રહેલી કોર્ટની કાર્યવાહી પૂરી થતી નથી.'નામદાર કોર્ટને વિનંતી કરુ છું કે દેશની આ સર્વોચ્ચ અદાલત દ્વારા જુદા જુદા સમયે આદેશ કરાયા હોવા છતાં અને હાઈકોર્ટ દ્વારા ચાંપતી દેખરેખ રખાઈ હોવા છતાં હજુ પણ સાંસદો અને ધારાસભ્યો વિરુદ્ધ ખુબ મોટી સંખ્યામાં કેસ પેન્ડિંગ રહેવા પામ્યા છે જે આપણા લોકતાંત્રિક માળખા ઉપર એક મોટો ઘા છે. કેટલાંક કેસ તો દાયકાઓથી પેન્ડિંગ રહ્યા છે જે દર્શાવે છે કે ધારાસભ્યો અને સાંસદો પોતાની સામે ચાલી રહેલી તપાસમાં દબાણ કે પ્રભાવ ઉભો કરે છે જેના પગલે તેમની વિરુદ્ધ ચાલી રહેલી અદાલતી કાર્યવાહીનો અંત આવતો નથી' એમ એફિડેવિટમાં કહેવામાં આવ્યું હતું. દોષિત કે ગુનેગાર ઠરેલાં રાજકારણીઓ ઉપર આજીવન પ્રતિબંધ મૂકી દેવાની અશ્વિન ઉપાધ્યાય દ્વારા ૨૦૧૬માં ફાઈલ કરાયેલી જાહેર હિતની અરજીની સુનાવણી ન્યાયમૂર્તિ દિપંકર દત્તા અને મનમોહન સોમવારથી હાથ ધરશે. એડવોકેટ સ્નેહા કલિતા દ્વારા દાખલ કરાયેલી પોતાની એફિડેવિટમાં હન્સારીએ કહ્યું હતું કે દેશના સાંસદો અને ધારાસભ્યો વિરુદ્ધ હાલ ૪૭૩૨ કેસ પેન્ડિંગ પડ્યા છે.

### પરિષદની બેઠકમાં મંદિરોને સરકારી અંકુશથી મુક્ત કરાવવા મુદ્દે પણ ચર્ચા

# તમામ ધર્મોને મળતા દાન માટે એક સમાન કાયદો લાવવા VHPની માંગ


**કુમારે કહ્યું હતું કે દેશના વિવિધ રાજ્યોમાં આવેલાં મંદિરો ઉપર છેલ્લા ૨૦૮ વર્ષોથી સરકારોનો અંકુશ રહેવા પામ્યો છે**

મહાકુંભનગર, તા.૧૦

વિશ્વ હિંદુ પરિષદ (વીએચપી)ના આંતરરાષ્ટ્રીય પ્રમુખ આલોક કુમારે તમામ ધર્મોને મળતા દાનને સ્પર્શતી તમામ બાબતો માટે એકસમાન કાયદો લાવવા રવિવારે કેન્દ્ર સરકારને અનુરોધ કર્યો હતો. વિશ્વ હિંદુ પરિષદની અહીં યોજાયેલી ત્રણ દિવસની બેઠકના સમાપન બાદ પત્રકારોને સંબોધતા કુમારે જુદા જુદા ધર્મોના દાન માટે હાલ પ્રવર્તતા કાયદા પ્રત્યે આશંકા વ્યક્ત કરી હતી. જ્યારે મુસ્લિમો પોતાના અલ્લાહને જમીનનું દાન કરે છે ત્યારે તે જમીન વક્ફ બોર્ડની માલિકીની બની જાય છે, પરંતુ જ્યારે હિંદુ કોઈ જમીન મંદિરને દાનમાં આપી દે, ક્રિશ્ચિયન કોઈ જમીન ચર્ચને આપી દે અથવા શીખ કોઈ જમીન ગુરૂદ્વારાને આપી દે ત્યારે શું સમજવું? શા માટે ધાર્મિક દાન માટે અલગ અલગ કાયદા હોવા જોઈએ? એમ કુમારે વક્ફ એક્ટ-૧૯૫૪નો સંદર્ભ ટાંકતા પ્રશ્ન કર્યો હતો. તે સાથે તેમણે દાવો કર્યો હતો કે જ્યારે કાયદો ઘડાયો ત્યારે મુસ્લિમો માટે અલગ કાયદો ઘડવા બદલ રાજ્યસભાના કોંગ્રેસના બે સાંસદોએ તત્કાલિન કાનૂન મંત્રીની દાનત પ્રત્યે શંકા વ્યક્ત કરી હતી. તે સમયે કાનૂન મંત્રીએ કહ્યું હતું કે તે તમામ ધર્મો માટે એકસમાન કાયદો લાવવાનું વિચારી રહ્યા છે.

હવે આ પ્રકારના કાયદાનો અમલ શરૂ કરવા કેન્દ્ર સરકાર માટે સમય પાકી ગયો છે એમ કુમારે કહ્યું હતું. કાશી અને મથુરાના મંદિરો ઉપર પુનઃ કબ્જો મેળવી લેવાના મુદ્દે પૂછાયેલાં પ્રશ્નના જવાબમાં આલોક કુમારે કહ્યું હતું કે અમે હિંદુ સમાજને ખાતરી આપી છે કે આ મંદિરો ઉપર પુનઃ કબ્જો મેળવી લેવા તમાં બંધારણીય પગલાં લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ મિટિંગમાં સરકારના અંકુશમાંથી મંદિરોને મુક્ત કરાવવાના મુદ્દાની પણ ચર્ચા થઈ હતી. કુમારે કહ્યું હતું કે દેશના વિવિધ રાજ્યોમાં આવેલાં મંદિરો ઉપર છેલ્લા ૨૦૮ વર્ષોથી સરકારોનો અંકુશ રહેવા પામ્યો છે, અને તેમાં કણ મંદિરની આવકમાંથી ૧૨ ટકા રકમ વહિવટી ખર્ચ પેટે સરકારી તિજોરીમાં જમા કરાવવાનો કાયદો અમલમાં મૂકાયો છે.

# દામનગર ખાતે નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન






તસ્વીર : નટુ ભાતિયા–દામનગર

દામનગર શહેરમાં જેન વણીક ગાંધી પરિવાર દ્વારા નિર્માણ નૂતન મંદિરમાં વિવિધ દેવાલયમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સંપન્ન ઓડિસા જગન્નાથપુરી પધારેલ સ્વામી શ્રી શંકર ચેતન્યતીર્થજીની પાવન નિશ્રામાં નૂતન મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે દર્શન પૂજન અર્ચન મહાયજ્ઞ ના દર્શન કરતા શ્રધ્ધાળુ ભાવિકો નયન રમ્ય ગાંધી પરિવારના દેવાલયમાં મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવમાં અસંખ્ય ભાવિકોએ જયઘોષ સાથે કર્યા નૂતન મંદિરમાં દર્શન મહાઆરતી પંચકુંડી મહાયજ્ઞ માં વિદ્વાન આચાર્ય નયન જોશી શાસ્ત્રી મહેશ પંડયા સહિતના પંડીતો ના વૈદિક મંત્રોચ્ચારની દિવ્ય ધ્વનિ સાથે અખંડ યજ્ઞ આહુતિ સાથે સંપન્ન પૂજન અર્ચન દર્શન સાથે નૂતન મંદિર પ્રતિષ્ઠા મંદિરમાં સ્થાપિત દેવ પ્રતિમા આઈ શ્રી ખોડિયાર માતાજી, શ્રી સિંધવાય સિકોતર માતાજી, શ્રી બહુચર માતાજી, શ્રી હનુમાનજી, શ્રી ગણપતિ, શ્રી મેરખિયા વીર, શ્રી બટુક ભૈરવ સહિત ના દેવ દેવીઓની નૂતન મંદિરમાં સ્થાપિત આજથી દર્શનાર્થીઓ ભાવિકો માટે ખુલ્લુ મૂકયું ધર્મ ઉલ્લાસ સાથે ત્રિ–દિવસીય મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ભવ્ય રીતે સંપન્ન થયો હતો.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૬૦ | ૧૪૭૫ |
| ૨ | સોયાબીન | ૭૫૫ | ૭૫૫ |
| ૩ | તુવેર | ૧૧૨૧ | ૧૧૨૧ |
| ૪ | જીરૂ | ૩૬૦૦ | ૩૬૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૩૦ | ૧૪૨૬ |
| ૨ | મગફળી | ૮૪૫ | ૯૬૫ |
| ૩ | ઘઉં | ૫૨૫ | ૫૫૫ |
| ૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૫ | સફેદ તુવેર | ૧૧૦૦ | ૧૪૫૫ |
| ૬ | લાલ તુવેર | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૭ | અડદ | ૯૦૦ | ૧૧૦૫ |
| ૮ | ધાણી | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | સોયાબીન | ૫૨૫ | ૭૨૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૩૫ | ૧૦૯૯ |
| ૨ | શિંગ મોટી | ૮૧૫ | ૧૧૨૫ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૧૦૧૦ | ૧૩૦૬ |
| ૪ | તલ સફેદ | ૧૩૬૫ | ૨૩૮૬ |
| ૫ | તલ કાળા | ૨૬૯૦ | ૫૩૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૫૭૦ | ૨૫૭૦ |
| ૭ | બાજરો | ૫૫૭ | ૮૦૦ |
| ૮ | જુવાર | ૫૨૦ | ૭૬૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૧૧ | ૭૦૨ |
| ૧૦ | ઘઉં લોકવન | ૫૪૧ | ૬૫૫ |
| ૧૧ | અડદ | ૧૨૦૬ | ૧૩૪૦ |
| ૧૨ | ચણા | ૧૦૧૧ | ૧૧૪૬ |
| ૧૩ | ચણા દેશી | ૧૧૭૫ | ૧૧૭૫ |
| ૧૪ | તુવેર | ૧૦૦૦ | ૧૪૪૩ |
| ૧૫ | વાલ | ૧૦૯૨ | ૧૦૯૨ |
| ૧૬ | કપાસ | ૯૬૬ | ૧૪૭૫ |
| ૧૭ | એરંડા | ૧૧૮૪ | ૧૨૧૦ |
| ૧૮ | જીરૂ | ૩૧૨૦ | ૩૩૪૦ |
| ૧૯ | રાયડો | ૭૧૫ | ૯૬૭ |
| ૨૦ | ધાણા | ૧૦૧૦ | ૧૧૫૦ |
| ૨૧ | ધાણી | ૧૨૦૦ | ૧૭૯૦ |
| ૨૨ | અજમા | ૭૨૫ | ૨૦૯૦ |
| ૨૩ | સોયાબીન | ૫૦૦ | ૭૮૬ |
| ૨૪ | મરચા લાંબા | ૪૨૦ | ૩૩૧૦ |

પાના ૮ ઉપરનું ચાલું
## બાબરા પોલીસ સ્ટેશનનાં

પર રહેતા ભોગ બનનારને આ કામના આરોપી શૈલેન્દ્રકુમાર મહાવીરસેન લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદાથી ભોગ બનનારને કાયદેસરના વાલીપણામાંથી ઉપાડી ગયેલ હતા. તે અંગેની ફરીયાદ આ કામના ફરીયાદીએ બાબરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી હતી અને ફરીયાદની વિગતે તેમણે જણાવેલ હતું કે તેમની સગીર દિકરીએ બનાવના દિવસે દિવસ સુધીમાં ધો.૧૦ સુધીનો અભ્યાસ કરેલ હતો અને બનાવના દિવસે તેમની ભોગ બનનાર દિકરી ને તેઓ બ્યુટી પાર્લરમાં મુકીને આવતા રહેલ હતા. ત્યારબાદ સાંજના ૬:૩૦ વાગ્યે તેમની ભોગ બનનાર દિકરીને ફોન કરતા તેનો મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. ત્યારબાદ ફરીયાદીએ તેમની દિકરી બાબતે તપાસ કરતા મળી આવેલ નહીં. જેથી તે અંગેની ફરીયાદ તેઓએ બાબરા પો.સ્ટે.માં આપેલ હતી. ત્યારબાદ પોલીસે આ કામની તપાસ કરતા આરોપી ઉતરપ્રદેશ ખાતે રહેતા હોવાનું જણાય આવતા તે બાબતે વધુ તપાસ કરતા આ કામના આરોપી કલ્પેશભાઈ તનસુખભાઈ કાગદડાએ તેમને ઉપરોકત બનાવ બાબતે ભોગ બનનાર સગીરવયના અને અણસમજુ હોવાનું પહેલેથી જાણતા હોવા છતા ભોગ બનનારના ભોળપણનો લાભ લઈ આરોપી શૈલેન્દ્રકુમારે તેમનું વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયેલ હોય તે બનાવમાં આ કામના આરોપીએ તેમને મદદ કરેલ હોય જેથી પોલીસે ત્યારબાદ આઈ.પી.સી. કલમ – ૧૧૪ તથા પોકસો એકટ ની કલમ – ૧૭ નો ઉમેરો ફરીયાદમાં કરેલ હતો.

ઉપરોકત ફરીયાદની વિગતે આ કામના આરોપી સામે પોલીસે ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૬૩, ૬૬, ૧૧૪ તથા પોકસો એકટની કલમ – ૧૭ તથા ૧૮ ની વિગતે આરોપી કલ્પેશભાઈ તનસુખભાઈ કાગદડા વિરૂદ્ધ ચાર્જશીટ કરેલ હતું. ત્યારબાદ આ કામે અમરેલીની સ્પે. પોકસો કોર્ટ સમક્ષ આ કેસ શરૂ થયેલ હતો.

આ કામે કેસ શરૂ થતા સરકાર પક્ષે ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, આ કામે સમગ્ર કેસ ચાલી જતા ફરીયાદપક્ષ પોતાનો કેસ સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપી કલ્પેશભાઈ તનસુખભાઈ કાગદડા ને અમરેલીની સ્પે. પોકસો કોર્ટ ના જજ શ્રી ડી.એસ. શ્રીવાસ્તવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

આ કેસમાં આરોપી કલ્પેશભાઈ તનસુખભાઈ કાગદડા તર્ફે અમરેલીના એડવોકેટ હરનીલ ત્રિવેદી રોકાયેલ હતા.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૭૦ | ૧૦૬૫ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૧૦૦ |
| ૩ | તલ સફેદ | ૧૭૩૦ | ૨૧૦૦ |
| ૪ | જીરૂ | ૩૫૯૨ | ૪૮૫૧ |
| ૫ | કપાસ | ૧૩૦૦ | ૧૪૬૧ |
| ૬ | ઘઉં લોકવન | ૬૦૦ | ૭૧૧ |
| ૭ | ઘઉં ટુકડા | ૬૨૦ | ૭૨૨ |
| ૮ | બાજરો | ૫૦૦ | ૬૦૦ |
| ૯ | જુવાર | ૮૦૦ | ૯૫૦ |
| ૧૦ | અડદ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | ચણા | ૧૦૮૦ | ૧૧૯૦ |
| ૧૨ | તુવેર | ૧૩૫૦ | ૧૪૯૨ |
| ૧૩ | તુવેર લાલ | ૧૨૦૦ | ૧૪૩૦ |
| ૧૪ | એરંડી | ૧૧૫૦ | ૧૨૧૫ |
| ૧૫ | ધાણા | ૧૫૦૦ | ૨૨૪૦ |
| ૧૬ | સોયાબીન | ૭૦૦ | ૮૦૦ |

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાં ફોર વ્હીલમાં

અજાણ્યા બે પુરૂષ તથા એક સ્ત્રીએ તેમની ફોરવ્હીલમાં બેસાડી બદઈરાદે મહિલાની જાણ બહાર સાવરકુંડલા ખાંભા ટી પોઈન્ટથી બાઢડા જતા રસ્તે તેણીએ ગળામાં પહેરેલ આશરે દોઢ તોલા વજનની સોનાની ચેન કિમત રૂપિયા ૭૦,૦૦૦ ની ચાલાકીથી અચાનક તેમના ગળામાથી છીનવી (સ્નેચીંગ) કરી લઈ ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાય હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## માર્ગની કડ ઉપર કાર

નામના ર૭ વર્ષિય આરોપી ગત તા. ૮ ના રોજ સાંજના આશરે સાડા આઠેક વાગ્યા દરમ્યાન પોતાના હવાલાની ફોરવ્હીલ કાર નં. જી.જે.–૦૩ કેસી–૫૯૬૧ ની લઈને પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી દામનગરથી ઢસા રોડ બનવાનુ કામ શરૂ હોય. જે રોડની એક સાઈડનુ કામ શરૂ અને બીજી સાઈડનુ કામ થયેલ નથી જેથી રોડની બન્ને રોડ ઉપર નીચે અને રોડની વચ્ચેના ભાગે મોટી કડ પડી ગયેલ. જે કડની ઉપર આ કામના આરોપીએ ફોરવ્હીલ કાર ચડાવવા જતા કાર ઉપરથી બેલેન્સ ગુમાવી દેવાથી સીતારામ આશ્રમ સાઈડના ખાળીયામાં આડી પડી જવાથી અકસ્માતે શરીરે મુંઢ ઈજા કરી તથા આરોપી જયેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત થયાની ફરિયાદ નોંધાઈ છે.


સંકુલ PG કોલેજ – સારૂ શિક્ષણ – ઉચ્ચ પરિણામ

★ MA(Psy) Sem. III – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.Com.(EM) Sem. III – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.Com.(GM) Sem. III – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.Sc.(Chem.) Sem. III – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.Sc.(BT) Sem. III – 100% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24
★ M.C.A. Sem. IV – 97% પરિણામ સાથે 100% ડિસ્ટીંક્શન 2023–24

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:– શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સર્મ્સ સંકુલ – ચક્કરગઢરોડ અમરેલી. -Ad 111



''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૮ | ૧૪૬૩ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૭૭ | ૬૧૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૧૯ |
| ૪ | ચણા | ૯૦૦ | ૧૦૩૦ |
| ૫ | સોયાબીન | ૫૦૦ | ૭૯૦ |
| ૬ | ધાણા | ૧૩૨૦ | ૧૩૨૦ |
| ૭ | શીંગદાણા | ૮૦૦ | ૧૦૩૦ |
| ૮ | મગફળી | ૭૦૧ | ૯૬૧ |
| ૯ | તુવેર | ૧૨૫૫ | ૧૩૯૦ |
| ૧૦ | તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૫૫ |

પાના ૮ ઉપરનું ચાલું
## વડિયાનાં તત્કાલીન પીએસઆઈ

કલમ – ૧૮૬ ના કામે અટક કરતી વખતે તેઓની સાથે ગેરવર્તન કરી અપમાનીત કરવાના ઈરાદાથી બિભત્સ ગાળો બોલી લાકડી વડે માર મારી ઈજા પહોંચાડેલ હોય તે બાબતે આ કામના ફરીયાદી ધર્મરાજભાઈ ભાભલુભાઈ વાળાએ જે તે સમયના વડીયાના પોલીસ સબ ઈન્સપેકટરશ્રી બી.એમ. આહીર સામે (ઈલ ટ્રીટમેન્ટ) પોલીસે મારમાર્યા અંગેની ફરીયાદ નોંધાવેલી હતી. જે અંગેનો કેસ જે તે સમયે વડીયાના જયુડી. મેજી. સાહેબ સમક્ષ ચાલેલ હતો અને તે કેસમાં પી.એસ.આઈ. આહીરને ભારતીય ફોજદારી ધારાની કલમ – ૩૨૩ અન્વયે સજાનો હુકમ તથા દંડનો હુકમ સને–૨૦૧૬ ની સાલમાં કરવામાં આવેલ હતો. જે હુકમને પી.એસ.આઈ. આહીરે તેમના એડવોકેટ ઉદયન ત્રિવેદી મારફતે સેશન્સ કોર્ટમાં અપીલ કરીને પડકારેલ હતો.

જે અપીલમાં કાયદાના મહત્વના મુદાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ હતો. તેમજ કેસ સંદર્ભે જે હકીકત બાબતે પુરાવા સંદર્ભે વિશદ છણાવટ કરવામાં આવેલ હતી તેમજ આ કામના ફરીયાદી વિરૂધ્ધ જુદા જુદા ગુન્હાઓ નોંધાયેલા હતા. જેમાં જુનાગઢ બી ડીવીઝન, વસ્ત્રાપુર અમદાવાદ શહેર તથા વડીયા તથા અમરેલી જિલ્લાના પોલીસ સ્ટેશનોનો સમાવેશ થતો હતો. આ કામે જે તે સમયે ફરીયાદીએ જયારે ધરપકડ સમયે પી.એસ.આઈ.આહીરે તથા જે તે સમયના ડી.એસ.પી. મનોજ શશીધરન પણ માર મારેલ હોવાનું અને તેમના પગના તળીયા તથા બેઠકના પાછળના ભાગે માર મારેલ હોવાની ફરીયાદ કરેલી હતી અને તે સમયે આ કામના ફરીયાદીને વડીયાના તીનબતી ચોકમાં પોલીસે માર મારેલ ત્યારે ૧૦૦૦ માણસોનું ટોળુ ભેગુ થઈ ગયેલ હતું અને આ ટોળાની હાજરીમાં પોલીસે આ કામના ફરીયાદીને ધાકધમકી આપી અને મારકુટ કર્યા અંગેનું નિવેદન આ કામના ફરીયાદીએ જે તે સમયે મેજીસ્ટ્રેટ રૂબરૂ નોંધાવેલું હતું. ત્યારબાદ ઉપરોકત ફરીયાદના અનુસંધાને તેઓને સારવાર માટે ડોકટર પાસે મોકલવામાં આવેલા, જયાં તેમને થયેલી ઈજા બાબતે તેઓએ ૨ દિવસ અંદરના દર્દી તરીકે હોસ્પીટલમાં સારવાર લીધેલી હતી. ત્યારબાદ રાજકોટના ડોકટર મોદી પાસે તથા ડોકટર નિમેષ ત્રિવેદી પાસે સારવાર લીધેલી હતી. તે બાબતના મેડીકલ સર્ટીફીકેટ ફરીયાદીએ પુરાવાના કામે રજુ કરેલ હતા. તેમજ ડોકટરને પણ સાક્ષી તરીકે પોતાનો કેસ સાબીત કરવા માટે તપાસેલ હતા. તેમજ પોતાને થયેલી ઈજાના ફોટોગ્રાફ પણ રજુ કરેલ હતા. ઉપરોકત તમામ પુરાવાઓ ધ્યાને લઈને વડીયાના મેજી. એ જે તે સમયના વડીયાના ફોઝદાર આહીરને સજાનો હુકમ તથા દંડનો હુકમ ફોજદારી કેસ નં. ૨૧૨/૦૨ ના કામે કરેલ હતો.

ત્યારબાદ ઉપરોકત હુકમ સામે નામદાર ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટમાં પી.એસ.આઈ. આહીરે અપીલ દાખલ કરેલ હતી. જે અપીલના કામે કાયદાના મહત્વના મુદાઓ તથા સુપ્રિમ કોર્ટના જે ચુકાદાઓ રજુ કરેલ હતા. તે તમામ હકીકત ધ્યાને લઈને આ કામના આરોપી પોલીસ સબ ઈન્સપેકટર આહીરની સામે નામદાર વડીયાના જજે તે સમયે સજાનો તથા દંડનો હુકમ કરેલ તે રદ કરીને તેમને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ હતો. આ ચુકાદો આવવાથી રીઢા ગુન્હેગારો કે જેઓ પોલીસની સામે બદલો લેવાની ભાવનાથી (ઈલ ટ્રીટમેન્ટ) મારમાર્યાની ફરીયાદ કરતા હોય છે તેની સામે પોલીસ બેડામાં રાહતની લાગણી ફેલાયેલ છે.

આ કામે પોલીસ સબ ઈન્સપેકટર આહીર તરફે અમરેલીના સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી રોકાયેલા હતા.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૦૫ | ૧૫૦૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૨૬૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી જી ૨૦ | ૧૦૪૫ | ૧૦૭૫ |
| ૪ | મગફળી બી.ટી. | ૧૦૦૫ | ૧૦૫૫ |
| ૫ | ઘઉં | ૫૦૬ | ૬૬૪ |
| ૬ | ચણા | ૧૦૭૫ | ૧૧૮૫ |
| ૭ | તુવેર | ૧૨૨૫ | ૧૪૧૫ |
| ૮ | જીરૂ | ૩૫૪૦ | ૩૭૦૦ |

# દાધિયા ગામે લોકશાળા ખડસલીનો એનએસએસ કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો







સાવરકુંડલા તાલુકાના દાધિયા ગામે કુંડલા તાલુકો ગ્રામ સેવા મંડળ સંચાલિત લોકશાળા ખડસલીનો એનએસએસ કેમ્પ દાધિયા મુકામે આજે ખુલ્લો મુકવામાં આવ્યો હતો જેમાં સંસ્થાના સંયોજક હરેશભાઈ પંડયા તેમજ ગોવાભાઈ ગાગીયા અને આચાર્ય નાનજીભાઈ મકવાણા ઉપસ્થિત રહ્યા હતા અને સર્વપ્રથમ આવેલા મહેમાનોનું કુમકુમ તિલક કરી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ એનએસએસ કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. પ્રદીપભાઈ ભાલાળા સરપંચ તેમજ પ્રાથમિક શાળાના આચાર્ય મહેશભાઈ શેલાર તેમજ એન.એસ.એસ પ્રોગ્રામ ઓફિસર પ્રતિકભાઈ પટેલ તેમજ પીડીલાઈટના સંયોજક તેમજ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા એમ અનિરૂદ્ધ ત્રિવેદીએ એક યાદીમાં જણાવ્યું હતું.

### અમદાવાદ ખાતે સ્ટેપ કવીઝમાં

# ચલાલા ગાયત્રી સંસ્કાર વિદ્યાલયનાં વિદ્યાર્થીઓ ચમકયા

## માઈન્ડ પાવર બતાવી ઈનામ મેળવી શાળાનું ગૌરવ વધાર્યુ



ચલાલા, તા. ૧૦

યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ સંચાલિત ગાયત્રી સંસ્કાર વિદ્યાલયના વિદ્યાર્થીઓ સાયન્સ સીટી અમદાવાદ ખાતે સ્ટેમ્પ કવીઝ ચમકયા અને પોતાનું માઈન્ડ પાવર બતાવી ઈનામ લઈને શાળા પરિવારનું ગૌરવ વધાર્યુ હતું.

આ વિદ્યાર્થીઓને સંસ્થાના વડા પુ.ડો. રતિદાદા ડાયરેકટર ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, આચાર્ય શીતલબેન સમગ્ર સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા.

### મહિલા આર્થિક વિકાસ નિગમનાં સહયોગથી

# રાજુલાના કડીયાળી ગામે જીએસસીએલ દ્વારા મહિલા જાગૃતિ શિબિર યોજાઈ

## ૨૮૭ મહિલાઓને કાયદાઓ અને સરકારી કલ્યાણકારી યોજનાઓ અંગે અવગત કરાઈ



અમરેલી, તા.૧૦

જીએચસીએલ ફાઉન્ડેશન દ્વારા અમલીકૃત મહિલા સશકિતકરણ કાર્યક્રમ અંતર્ગત સરકારનાં ગુજરાત મહિલા આર્થીક વિકાસ નિગમ લીમિટેડ તથા જીલ્લા મહિલા અને બાળ વિકાસ કચેરીઅમરેલીસાથેસંકલનકરીનેરાજુલા તાલુકાના કડીયાળી ખાતે મહિલા જાગૃતિ શિબીર યોજવામાં આવી હતી.

આ શિબીરમાં ચાંચબંદર, ખેરા, સમઢીયાળા, પટવા અને કડીયાળીની ૨૮૭ જેટલી મહિલાઓ સહભાગી બની હતી. શિબીરમાં અલગ અલગ વિષયનાં નિષ્ણાંત તાલીમકારો દ્વારા મહીલાને લગતા કાયદાઓ, મહીલાને લગત વિવિધ સરકારી યોજનાઓ અને કાર્યક્રમોની માહીતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવાજિલ્લામહીલાઅનેબાળવિકાસ અધિકારી કણઝારીયા ખાસ ઉપસ્થિત રહેલા. જીએચસીએલ ફાઉન્ડેશનના સી.એસ.આર.હેડ રમેશભાઈ મકવાણા સાથે સમગ્ર સી.એસ.આર.ટીમ હાજર રહેલા. રાજુલા તાલુકાનાં આઈ.સી.ડી.એસ. વિભાગનાં વડા નયનાબેન તેમજ કિર્તિબેન અને તેમની ટીમ દ્વારા મહીલાઓને આઈ.સી.ડી.એસ.ની યોજનાકીય માહિતી આપવામાં આવી હતી. મહિલા અભિયમ હેલ્પ લાઈનનારીટા પરમાર, પોલીસ સ્ટેશન બેઝડ સ્પોર્ટ સેન્ટરના નજમા દલ, સખી વનસ્ટોપ સેન્ટરનાં કોલમ દવે, રોજગાર કચેરીનાં કૌશિકભાઈ તથા એડવોકેટ અરવિંદ ખુમાણ આ તમામ નિષ્ણાંતો દ્વારા મહીલાઓને વિવિધ આઈ.ઈ.સી. મટીરીયલ સાથે સેનેટરી પેડસ અને બ્રેસ્ટ કેસર અંગેની વિવિધતા સભર માહિતી વાળી પુસ્તીકા અને સંલગ્ન સાહીત્ય આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન જીએચસીએલ સી.એસ.આર. વિભાગના પ્રોજેકટ ઓફીસર હનીફ કાળવાતર દ્વારા કરવામાં આવેલુ તેમજ સરતાબેન રાઠોડ, વૈશાલી બાખલકીયા અને પારૂલ વાણિયા દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલી.

### વાંડળિયા ગામે વિકાસનો સેતુ

# ૧ કરોડ પપ લાખના ખર્ચે બે નવા બ્રિજનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય જનકભાઈ તળાવિયા

## ગામનાં લોકોને આવવા-જવામાં વધુ સરળતાં રહેશે



અમરેલી, તા. ૧૦

બાબરા તાલુકાના વાંડળિયા ગામે આજે વિકાસના નવા સોપાનો સર કરવાના ભાગરૂપે બે નવા બ્રિજનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ધારાસભ્ય જનક તળાવીયાના હસ્તે અંદાજીત ૧ કરોડ ૫૫ લાખ રૂપિયાના ખર્ચે આ બ્રિજનું નિર્માણ થશે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત સીટના સદસ્ય, તાલુકા પંચાયત પ્રમુખ, નગરપાલિકા પ્રમુખ, નગરપાલિકા સદસ્ય, તાલુકા ભાજપ પ્રમુખ, તાલુકા ભાજપ મહામંત્રી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ, વાંડળિયા ગામના સરપંચ, પંચાયત બોડીના સદસ્ય, તલાટી મંત્રી અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગામના સરપંચએ જણાવ્યું હતું કે, આ બ્રિજ બનવાથી ગામના લોકોને અવરજવર કરવામાં ઘણી સરળતા રહેશે અને વિકાસના નવા દ્વાર ખુલશે.

ધારાસભ્ય જનક તળાવીયાએ જણાવ્યું હતું કે, સરકાર હંમેશા ગામડાઓના વિકાસ માટે તત્પર છે અને આ બ્રિજ પણ તેનો જ એક ભાગ છે. તેમણે ઉમેર્યુ હતું કે, ભવિષ્યમાં પણ આવા અનેક વિકાસના કાર્યો હાથ ધરવામાં આવશે.

### આગામી તા.૧૬ ફેબ્રુઆરીએ મતદાન

# અમરેલી જિલ્લામાં શ્રમયોગીઓને 'મતાધિકાર'ના ઉપયોગ માટે સવેતન રજા આપવાની રહેશે

અમરેલી, તા.૧૦

સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સામાન્ય, મધ્યસત્ર કે પેટા ચૂંટણીઓ તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ને રવિવારના રોજ યોજાશે. લોકપ્રતિનિધિત્વ ધારા-૧૯૫૧ની કલમ-૧૩૫ (બી)(૧), કારખાના ધારા-૧૯૪૮ હેઠળના ઔદ્યોગિક એકમો, કારખાના, બિલ્ડિંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કસ એકટ-૧૯૯૬ અન્વયે કામ કરતા અને સાઈટ પર કામ કરતા હોય તેવા શ્રમયોગીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા.૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ને રવિવાર – મતદાનના દિવસે તેમને સવેતન રજા આપવી.

આ જોગવાઈ અનુસાર રજા જાહેર કરવાના કારણે સંબંધિત શ્રમયોગીઓ કે કર્મચારીઓના પગારમાંથી કોઈ કપાત કરવી નહિ. રજાના કારણે જો શ્રમયોગી કે કર્મચારી પગાર મેળવવાનો હક ન ધરાવતો હોય તેવા સંજોગોમાં જે તે વ્યકિત રજા જાહેર ન થઈ હોય અને જે પગાર મળવા પાત્ર થતો હોય તેટલો પગાર ચૂકવવાનો રહેશે. જે મતદારની ગેરહાજરીથી કામગીરીમાં જોખમ સર્જાઇ તેવી સંભવના હોય અથવા જે વ્યવસાય અને રોજગાર સાથે સંકળાયેલા હોય તે રોજગારમાં મોટા પ્રમાણમાં વ્યાપક નુકસાન થવા સંભવ હોય તેવા કિસ્સામાં અથવા સતત પ્રક્રિયાવાળા કારખાનામાં કામ કરતાં શ્રમયોગીઓ કે કર્મચારીઓ તેમના મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે તેમની ફરજના સમયમાંથી મતદાનના સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા ત્રણ થી ચાર કલાક મતદાન માટે સવેતન રજા આપવી.

જો કોઈ કારખાનેદાર માલિક કે નોકરી દાતા આ જોગવાઈથી વિરૂદ્ધ વર્તન કરશે તો ઉકત કાયદા હેઠળ શિક્ષાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવશે, તેમ જૂનાગઢ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યની કચેરીના નાયબ નિયામકએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

### ૨૦ વર્ષથી ચાલતા ધતિંગ બંધ કરાવાયા

# રાજકોટનાં ઘરમાં માતાજીનો મઠ બનાવી દોરા આપી છેતરપડી આચરતા ભુઇ ઝડપાઇ

## ભૂઈનાં વ્યાજ વટાવનો કારોબાર પણ ચાલતો હતો



રાજકોટ, તા. ૧૦

બનાવની વિગત પ્રમાણે વિજ્ઞાન જાથાના કાર્યાલયે ઘણા સમયથી ભુઈ ચકુમાના ધતિંગ સંબંધી માહિતી આપવામાં આવી હતી. થોડા દિવસ પહેલા મેઘમાયાનગરના રહીશો રૂબરૂ આવી ભુઈના કરતુતો સંબંધી માહિતીમાં છેલ્લા ૨૦ વર્ષથી ભુઈ ચકુમા ઘરમાં માતાજીનું સ્થાનક બનાવી શારીરિક, માનસિક, આર્થિક છેતરપિંડીનું કામ કરે છે. ભોજાણી પરિવારે ભુઈ તરીકે સ્થાપના કરી પરિવારના સદસ્યો માટે ધાર્મિક કામ માટે નક્કી કરવામાં આવ્યું. નાનામવા પરિવારનો મઢ આવેલો છે. પરિવારના સદસ્યો રોજગારીનું એકપણ કામ કરતા નથી. મોંઘી કાર, વ્યાજ વટાવ સાથે જમીન સંબંધી કામ કરે છે. દોરા-ધાગા, મંત્ર-તંત્ર, માતાજીનો ખૌફ બતાવી ડરાવી-ધમકાવી રૂપિયા પડાવે છે. અમાસ, ભારે દિવસો, કાળી ચૌદશે કાળા કપડા પહેરી લોકોને ડરાવે છે. લીંબુ-મરચા, લોટના પૂતળા, ઉતારની વિધિ કરી ગમે તેના આંગણે ફેંકી ડરાવે છે. ધનોતપનોત, ખરાબ વાણી બોલી વારંવાર ધમકાવાનો પ્રયાસ કરે છે. ચાર ચોકમાં વિધિ-વિધાન કરાવી મોટી રકમ પડાવે છે. અંદરોઅંદર ઝઘડાઓ કરાવવા, ખોટા નામો આપી શંકા-કુશંકા કરાવી સંસાર તોડવાનું કામ કરે છે. ઉંચા વ્યાજે નાણાનો ધીરધાર કરી સોનાના દાગીના પડાવે છે. વ્યાજે આપેલા નાણામાંથી મકાન, મિલ્કતની ખરીદી કરે છે. ભૂઈનો પતિ સાયકલ ઉપર કેમીકલ્સનું વેંચાણ કરવા જાય છે. ઘર પાસે ઝઘડાઓ રોજીંદા બની ગયા છે. ભુઈના ત્રાસ સંબંધી હકિકત આપવામાં આવી હતી. જાથાના જયંત પંડયાએ માહિતીના આધારે ખરાઈ કરવા મહિલા પરિવારને મોકલવામાં આવેલ. ભુઈને બનાવટી આપવીતી હકિકત આપવામાં આવતા પોતાને ત્યાં વગદાર, પૈસાપાત્ર માણસો જોવડાવવા આવે છે તેવી શેખી મારતી હતી. ચાર ચોકમાં વિધિ બતાવી રૂપિયા ચાર-પાંચ હજારનો ખર્ચ આપતા ટોકન રકમ આપી દીધી હતી. ભુઈએ દોરો બનાવી તેની અસરની વાત કરી હતી જેનું વિડીયોગ્રાફી ચાલુ હતું. બે વાર મોકલી પુરતા પુરાવા મેળવી લીધા. ભુઈનો પર્દાફાશ કરવાનું નક્કી કરવામાં આવ્યું.


જાથાના ચેરમેન એડવોકેટ જયંત પંડયાએ રાજકોટ પોલીસ કમિશ્નરને રૂબરૂ મળી ભુઈના પર્દાફાશ માટે પોલીસ બંદોબસ્ત રક્ષણની માંગણી કરવામાં આવી. ઉપરાંત રાજયના મુખ્યમંત્રી, ઉચ્ચ અધિકારીઓને પત્ર મોકલી પર્દાફાશની હકિકત આપવામાં આવી હતી. માલવીયાનગર પોલીસ સ્ટેશનને બંદોબસ્ત સંબંધી સુચના મોકલવામાં આવી હતી. જાથાએ સવારથી ભુઈ ચકુમા ઉપર વોચ ગોઠવી ઘરની બાજુમાં માણસો ગોઠવી દીધા. ભુઈ એક લાખની લાલચમાં આવી જતા પર્દાફાશનો સમય નક્કી થયો હતો.

જાથાના ચેરમેન જયંત પંડયાના વડપણ હેઠળ દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, નિર્ભય જોશી, રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, પ્રકાશ મનસુખભાઈ, ભાવનાબેન વાઘેલા એડવોકેટ, ભાનુબેન ગોહિલ, સ્થાનિક કાર્યકર સાથે માલવીયાનગર પોલીસ સ્ટેશને પહોંચી ગયા. પર્દાફાશ માટે પોલીસ એ.એસ.આઈ. ડી. જી. ઝાલા, મહિલા પોલીસ રશ્મિતાબેન, રીનુબેન, પો. કર્મી દિગ્વિજયસિંહ, ભાવિકભાઈ, પોલીસ જીપ્સી સાથે ભુઈ ચકુમાના ઘરે પહોંચી ગયા. જયાં જાથાના સદસ્યોને અગાઉ બેસાડી રાખવામાં આવ્યા હતા.

જાથાના જયંત પંડયાએ માતાજીના મઢે પહોંચતા સૌ પ્રથમ પરિચય આપી દોરા-ધાગાના ધતિંગ કાયમી બંધ કરાવવા આવ્યા છીએ. શરૂઆતમાં ભુઈ તાડુકીને અમે દોરા-ધાગા કરતા નથી, તેના પતિ દિનેશભાઈ સુર પુરાવતા જાથાએ ધતિંગલીલાની વિડીયો કલીપ બતાવી પરિવાર સ્તબ્ધ થઈ ગયા. દિકરો ઉંચેથી બોલવાનું શરૂ કરતાં પોલીસે કાયદાની ભાષામાં સમજાવતા શરણાગતી સ્વીકારી લીધી. ધતિંગ સંબંધી કબુલાત આપી દીધી. રૂપિયા લીધા હતા તે પરત આપી દીધા. મઢમાં ભુઈ પરિવારે કાયમી બંધની જાહેરાત કરતાં પોલીસ સ્ટેશને લઈ જવાનું નક્કી થયું. તે દરમ્યાન પડોશમાં રહેતી મહિલાએ મોટેમોટેથી બોલી ભુઈના કારસ્તાન ખોલી નાખ્યા. વ્યાજ વટાવનો ધંધો, રવિવારે-મંગળવારે જોવે છે, વિધિની વસ્તુ આંગણામાં ફેંકે છે, હેરાન પરેશાનની હકિકત બધા વચ્ચે મુકી દીધી. લતાવાસીઓ ભેગા થઈ ગયા. એકપણ રહીશે ભુઈની તરફદારી કરી ન હતી. પોલીસ વાનમાં ભુઈને પોલીસ સ્ટેશને પહોંચાડી દીધા હતા.

જાથાના ચેરેન જયંત પંડયાએ પોલીસ સ્ટેશનના પી.એસ.ઓ.ને અટકાયતી પગલા સંબંધી પત્ર આપી દીધો. બાદ ભુઈ ચકુમા નીતાબેન દિનેશભાઈ ભોજાણી સંપુર્ણ ભાંગી પડયા હતા. મુશ્કેલીના સમયે સિકોત્તર માતાજીએ મદદ ન કરી તેનો અફસોસ વ્યકત કરતા હતા. પરિવારના સદસ્યો કુટુંબના લોકોએ પર્દાફાશ કરાવ્યો તેવો આક્ષેપ મુકતા હતા.

# પર્યાવરણ જાગૃતિ માટે આટલું કરો



અમરેલી તા. ૧૦

૧. બ્રશ કરતી વખતે નળ ખુલ્લો ન છોડવો.
૨. થાળીમાં જમવાનું ન મુકવું જેથી અન્નનો બગાડ ન થાય
૩. પેપરની બંને સાઈડનો ઉપયોગ કરવો જોઈએ.
૪. કચરો ગમે ત્યાં ન ફેંકવો જોઈએ.
૫. વપરાશમાં ના હોય એવા બધા જ ડિવાઈસ તેમજ ચાર્જરની સ્વીચ તરત જ બંધ કરી દેવી જોઈએ.
૬. AC, RO કે વોશિંગ મશીનમાંથી નીકળતા પાણીનો ફરીથી ઉપયોગ કરવો જોઈએ.
૭. નાહવા માટે ફુવારાની જગ્યાએ નાની ડોલ અને ટમલરનો ઉપયોગ કરવો જોઈએ.
૮. વસ્તુ ખરીદવા ઘરની બહાર નીકળીએ ત્યારે હંમેશા કપડાની બેગ સાથે લઈને જ નીકળીએ.
૯. એક છોડ વાવીએ અને તેનું આખું વર્ષ જતન કરીએ.
૧૦. લાઈટ પંખાનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો, બારી-બારણા ખોલીને કુદરતી હવા અને સૂર્યપ્રકાશનો ઉપયોગ વધારવો જોઈએ.
૧૧. પક્ષીઓ માટે ઘરના આંગણે પાણીનું બાઉલ અને ચણનું બાઉલ રાખવું જોઈએ.
૧૨. નજીકના અંતરે જવા ચાલીને જવું જોઈએ અથવા સાઈકલનો ઉપયોગ કરવો જોઈએ.
૧૩. સિગ્નલ પર કે કોઈક લાઈનમાં ૨૦ સેકન્ડથી વધારે રાહ જોવાની હોય ત્યારે વ્હિકલનું એન્જિન બંધ કરી દેવું જોઈએ.
૧૪. યુઝ એન્ડ થ્રો વસ્તુઓનો વપરાશ કરવાની જગ્યાએ ફરીથી ઉપયોગમાં લઇ શકાય તેવી વસ્તુઓ જ વાપરવી જોઈએ.
૧૫. પરિવારના ખાસ દિવસોમાં એક એક છોડ ઉગાડીને તેનું જતન કરવું જોઈએ.
૧૬. પર્યાવરણ સાથે મૈત્રી રાખતી પદ્ધતિઓ સાથે ગાર્ડનિંગ કરવું, ઓર્ગેનિક ખાતર અને કમ્પોસ્ટનો ઉપયોગ કરવો જોઈએ.
૧૭. વૃક્ષારોપણ કાર્યક્રમોમાં ભાગ લેવા માટે લોકલ સ્કૂલ, એનજીઓ અથવા સોશિયલ ગ્રુપ સાથે જોડાવું જોઈએ.
૧૮. ઊર્જા બચાવવા માટે સોલાર એનર્જી જેવા ઉર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરવો જોઈએ.
૧૯. વર્ષા પાણીનો સંગ્રહ કરીને તેનો ઉપયોગ ખેતી માટે કે ઘરના અન્ય કામ માટે કરવો જોઈએ.
૨૦. ઈલેક્ટ્રોનિક્સની ખરીદી વખતે આઉટડેટેડ ઈલેક્ટ્રોનિક ઉપકરણો રિસાયકલ કરવા આપવા અથવા ડોનેટ કરવાં જોઈએ. – **મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### દરેક સમાજ માટે અર્ધી રાતના હોંકારા સમાન

# રાજુલા પાલિકાના ભાજપનાં ઉમેદવાર રવુભાઈ ઓટોરિક્ષામાં પ્રચારમાં નીકળ્યા

## સ્થાનિક ચુંટણીને લઈને પ્રચારકાર્ય પુરજોશમાં



રાજુલા, તા.૧૦

રાજુલા નગરપાલિકાને ચુંટણી આવી છે. ત્યારે આગામી ૧૬ મતદાન છે. ત્યારે પ્રચાર કાર્ય પુરજોશમાં ચાલી રહયું છે. ત્યારે ભાજપનાં એક આગેવાન ઓટો રીક્ષામાં અને પ્રચાર અર્થે નીકળતા કુતૂહલ સર્જાયું હતું. જાણવા મળતી વિગત મુજબ રાજુલાનાં વરિષ્ઠ ભાજપનાં આગેવાન નગરપાલિકાના પૂર્વ પ્રમુખ રવુભાઈ ખુમાણ આ વિસ્તારના મોટા ઉદ્યોગપતિ છે. અસંખ્ય પેટ્રોલ પંપો ચાલે છે. અને આર્થિક રીતે સંપન્ન છે. તેમ છતાં પોતે સાંત્વિક જીવન માટે જાણીતા છે. કારણ કે રાજુલામાં આવેલા પાણીનાં ટાંકા ઉપર પોતે આખી રાત બેસીને લોકોને પાણી વિતરણ કરાવતા હોય છે.

ત્યારે આજે રાજુલા શહેરમાં આવેલા એવા છેવાડાનાં વિસ્તાર મફત પરા જયાં મજુર વર્ગ રહે છે. આવાના સામાન્ય માણસનાં ઘરે જતી વેળાએ પોતાનું પદ અને કદ મોટું બતાવવાને બદલે આજે ખુમાણ ઓટોરિક્ષામાં પ્રચાર અર્થે નીકળ્યા હતા અને ડ્રાઈવર સાથે ચર્ચાઓ કરી અને પોતાનાં કોઈપણ કામ માટે ગમે ત્યારે સંપર્ક કરવા જણાવ્યું હતું.

### ૧૧ ફેબ્રુઆરી, ''ઈન્ટરનેટ સુરક્ષા દિવસ''

# ઈન્ટરનેટ, આશિર્વાદ કે અભિશાપ



અમરેલી, તા. ૧૦

વર્તમાન સમયમાં વિશ્વ આખું એક ગામડું બન્યું છે ત્યારે આ પાછળ ઈન્ટરનેટની વધુ પડતી પ્રસિદ્ધિ અને ઉપયોગીતા જવાબદાર છે તેવું ચોક્કસપણે કહી શકાય. એક રીતે જોઈએ તો ઈન્ટરનેટ ખુબ જ ઉપયોગી સાબિત થયું છે. આજે વિશ્વનાં કોઈ એક ખૂણામાં રહેતો માણસ ઈન્ટરનેટ થકી પ્રસિદ્ધિ પામી શકે છે તો બીજી તરફ લોકોનાં ધંધા રોજગાર પણ ઈન્ટરનેટ થકી વધ્યા છે, વળી આમાં દેશ આર્થિક વૃદ્ધિ પામે એ તો ખરૂ જ પરંતુ શું આ ઈન્ટરનેટ લોકો માટે, સમાજ માટે ખરેખર સુરક્ષિત છે ખરૂ ? પ્રાઈવસી પોલીસીથી લઈને ઓટીટી પ્લેટફોર્મમાં પ્રસારિત થતું કન્ટેન્ટ, અવારનવાર થતા સાઈબર ક્રાઈમ્સ શું એ જ સુરક્ષિત ઈન્ટરનેટનું પરિમાણ છે ? વર્તમાન સમયમાં જયારે આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ આવ્યું છે ત્યારે માનવનાં અસ્તિત્વ પર જ સવાલ ઉઠયો છે. હજુ બેરોજગારીનાં પ્રશ્નો ઉકેલાયા નથી ત્યાં આ પ્રકારે આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સનાં ઉપયોગથી વધુ લોકોની રોજગારી છીનવાય એવું પણ બને.

ખાસ કરીને ઓટીટી પ્લેટફોર્મ પર પ્રસારિત થતાં કાર્યક્રમ પર નિયમન આવ્યું હોવા છતાં હજુ ગંદી ગાળો, અશ્લીલતા અને વ્યભિચાર, માંસ મટન આરોગતા દ્રશ્યો, સુરૂચિ ભંગ થાય તેવા દ્રશ્યો, સનાતન સંસ્કૃતિ વિરૂદ્ધના દ્રશ્યો વગેરે ઘણું બધું સતત દર્શાવવાંમાં આવે છે. અમુક કાર્યક્રમો માતા-પુત્ર, સસરા-વહુ, દિયર-ભાભી, શિક્ષક-વિદ્યાર્થીનાં પવિત્ર સંબંધને વ્યભિચારનાં સ્વરૂપે દર્શાવે છે, જે ભારતીય સંસ્કૃતિની વિરૂદ્ધ છે. આ ઉપરાંત આવા કાર્યક્રમને જોવાથી વ્યકિતનાં માનસપર વિકૃત અસર થાય છે. ઓટીટી પર પ્રસારિત થતાં કાર્યક્રમની નવી ગાઈડલાઈનમાં ગંદી ગાળો અને અશ્લીલતાઓને શબ્દશ મંજૂરી આપવામાં આવી છે, જે ચિંતાનો વિષય છે. ઓટીટીનાં કારણોસર દેશમાં હિંસા, વ્યભિચાર, નારી હિંસા, ઘરેલુ હિંસા, યૌન શોષણ, તલાક જેવા કિસ્સાઓમાં વધારો થયો છે. જયાં નારીને પૂજવાની વાત કરવામાં આવે છે ત્યાં વ્યભિચાર દર્શાવીને તેનું ઓટીટી દ્વારા અપમાન કરવામાં આવે છે. બાળકોનાં માનસ પર ખરાબ અસર પડે છે. શ્રેષ્ઠ અને સ્વસ્થ સમાજનું સર્જન કરવા માટે ઈન્ટરનેટ સુરક્ષાનાં જે અધિનિયમો છે તેને પાળવું જરૂરી છે અને આવા સંચાર માધ્યમોનો બની શકે તેમ વધુમાં વધુ હકારાત્મક રીતે ઉપયોગ કરવો જોઈએ. ઈન્ટરનેટ, ગ્રેટ કનેક્ટ બટ હાઉ મચ ડિફેક્ટ ! ઈન્ટરનેટ, આશિર્વાદ કે અભિશાપ ? **–મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### પીએમ મોદી અને ટ્રમ્પની જોડી ફરીવાર જામશે

# ૧૨મી ફેબ્રુઆરીએ વડાપ્રધાનની અમેરિકા યાત્રા પર દુનિયાની નજર

## ટ્રમ્પે પીએમ મોદીને આમંત્રણ મોકલ્યું છે : ૫ વર્ષ પછી, વડા પ્રધાન મોદી-ટ્રમ્પની જોડી ફરી બનવા જઈ રહી છે

નવી દિલ્હી, તા. ૧૦

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ ફેબ્રુઆરીથી અમેરિકાના પ્રવાસે જઈ રહ્યા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પીએમ મોદીને આમંત્રણ મોકલ્યું છે. ઉલ્લેખનીય છે કે જ્યારે મોદી ૨૦૧૪ માં પહેલીવાર ભારતના વડાપ્રધાન બન્યા હતા, તે સમયે ડોનાલ્ડ ટ્રમ્પ ૨૦૧૬ માં પહેલીવાર અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. પછી ૨૦૧૬ થી ૨૦૨૦ સુધી, પીએમ મોદી અને ટ્રમ્પની જોડી ખૂબ જ સફળ રહી. હવે ૫ વર્ષ પછી, વડા પ્રધાન મોદી અને ટ્રમ્પની જોડી ફરી બનવા જઈ રહી છે. દુનિયાની નજર પીએમ મોદીની અમેરિકા મુલાકાત પર ટકેલી છે. તેમણે સોમવારે કહ્યું હતું કે તેમની અમેરિકા મુલાકાત રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ દરમિયાન બંને દેશો વચ્ચે સહયોગમાં મળેલી સફળતાઓને આગળ વધારવાની તક હશે. ફ્રાન્સ અને અમેરિકાની મુલાકાત માટે રવાના થતા પહેલા તેમણે પોતાના નિવેદનમાં કહ્યું કે આનાથી ટેકનોલોજી, વેપાર, સંરક્ષણ, ઉર્જા અને સપ્લાય ચેઈન સ્થિતિસ્થાપકતાના ક્ષેત્રો સહિત અમેરિકા સાથે ભારતની ભાગીદારીને વધુ વિસ્તૃત અને ગાઢ બનાવવા માટે એક એજન્ડા વિકસાવવામાં પણ મદદ મળશે. તેમણે કહ્યું કે ટ્રમ્પ બીજા કાર્યકાળ માટે રાષ્ટ્રપતિ બન્યા પછી આ તેમની પહેલી મુલાકાત હશે. તેમણે કહ્યું, ''આપણે બંને દેશોના લોકોના પરસ્પર લાભ માટે સાથે મળીને કામ કરીશું અને વિશ્વ માટે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરીશું.'' તેમણે કહ્યું, ''હું મારા મિત્ર પ્રમુખ ટ્રમ્પને મળવા માટે આતુર છું. મને યાદ છે કે તેમના પહેલા કાર્યકાળ દરમિયાન અમે ભારત અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી બનાવવા માટે સાથે મળીને કામ કર્યું હતું.'' મોદી ૧૦ ફેબ્રુઆરીથી ૧૨ ફેબ્રુઆરી સુધી ફ્રાન્સની મુલાકાત લેશે અને ત્યાંથી તેઓ બે દિવસની મુલાકાતે અમેરિકા જશે.

### રાજયનાં મુખ્યમંત્રીને પત્ર પાઠવતા ધારાસભ્ય કસવાલા

# ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવાની યોજનાના બજેટમાં વધારો કરવા રજૂઆત

અમરેલી, તા. ૧૦

રાજયનાં ખેડુતોને ખેતીના પાકને રક્ષણ મળે તે માટે ખેતરની ફરતે તાર ફેન્સીંગ બનાવવા માટેની યોજના સરકાર દ્વારા જાહેર કરેલ છે. આ યોજનાના લાભ માટે ખેડુતોએ આઈ-ખેડુત પોર્ટલ પર ઓનલાઈન અરજીઓ દ્વારા ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાં વહેતા તે પહેલાના ધોરણે સ્વીકારવામાં આવશે તેવું જાહેર કરેલ છે. આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડુતો દ્વારા ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવામાં આવે છે, પરંતુ લક્ષ્યાંકની મર્યાદામાં લાભ મળતો હોવાથી મોટાભાગના ખેડુતો આ યોજનાનો લાભ મેળવી શકતા નથી. જેના કારણે ખેડુતો પોતાના પાકના રક્ષણ માટે ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. મારા વિધાનસભા મત વિસ્તારમાં ખેતીના પાકને નુકશાન કરતા જાનવર જેવા કે, રોજ, નીલગાય, ભૂંડ ખૂબ જ મોટા પ્રમાણમાં આવેલા હોય તેથી ખેતીના પાકને ખૂબ જ નુકશાન થાય છે. અને લક્ષ્યાંક મર્યાદામાંથી ખેડુતોને લાભ મળતો હોવાથી લાભ મેળવવામાં રહી ગયેલા ખેડુતોની ખુબ રજુઆત આવે છે. તેથી આ યોજનાનો મોટા પ્રમાણમાં ખેડુતોને લાભ મળી રહે તે માટે સરકારએ હકારાત્મક અભિગમ અપનાવી આગામી સને ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટમાં નોંધપાત્ર વધારો કરી અને ખેડુતોને આ યોજનાનો વધુમાં વધુ લાભ મળે તે માટેની જોગવાઈ કરી નાણાકીય લક્ષ્યાંકમાં વધારો કરવા વિનંતી સહ ભલામણ ધારાસભ્ય કસવાલાએ કરેલ છે.

## નાના બાળકો, વૃધ્ધો અને મહિલાઓ ઘરની બહાર ન નીકળી શકે તે બાબત શરમજનક

# સૌપ્રથમ રખડતા પશુઓની સમસ્યા દૂર કરો, બાકીનાં વિકાસ કાર્યો પછી કરો

વાતાનુકુલિત કચેરીમાં મિનરલ વોટરની બોટલ સાથે વિકાસની બેઠકો કરવાનું છોડીને શાસકોએ જનતાની વચ્ચે જવાની જરૂર

એકવીસમી સદીનાં ટેકનોલોજીનાં યુગમાં રખડતા પશુઓની સમસ્યા દૂર ન કરી શકો તો પદાધિકારી કે અધિકારી બનવાનો શું મતલબ છે

જનતા જનાર્દનનાં પરસેવાનાં પૈસે ગાડી, બંગલો કે તગડો પગાર મેળવીને બદલામાં જનતાને સમસ્યાથી મુક્ત તો કરો

સમગ્ર જિલ્લાની જનતાએ પણ એક થઈને રખડતા પશુઓની સમસ્યા દૂર કરવા માટે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવું પડશે



અમરેલી, તા. ૧૦

અમરેલીજિલ્લામાંરખડતા શ્વાન, ગાય અને આખલાઓ ઉપરાંત ગીરકાંઠાવિસ્તારમાંદીપડા, સિંહઅને નીલગાય જેવા પ્રાણીઓથી જનતા પરેશાન થઈ ચુકી હોય તેવા સમયે રાજકીયઆગેવાનોએએકસંપઅનેએક લક્ષસાથેરખડતાપ્રાણીઓનીસમસ્યાદૂર કરવા માટે રણનીતિ બનાવવાની જરૂર છે.અન્યવિકાસકાર્યોબાદમાંકરેતોચાલે પરંતુ રખડતા પ્રાણીઓની સમસ્યાનું યુધ્ધનાં ધોરણે નિરાકરણ કરવું જોઈએ તેવીમાંગજિલ્લાનીજનતાકરીરહીછે.

આજે રાજકોટ, અમદાવાદ જેવા મહાનગરોમાં રખડતી ગાય, આખલાનીસમસ્યાજડમુળથીનેસ્તનાબુદ થઈ ચુકી છે. તેવા સમયે અમરેલી, સાવરકુંડલા, રાજુલા, જાફરાબાદ, બાબરાસહિતનાંશહેરોમાંરખડતીગાય, આખલાઓઅનેરખડુશ્વાનનીસમસ્યા દિનપ્રતિદિનવધીરહીછે.

અમરેલીશહેરસહિતસમગ્ર જિલ્લાનાં રાજકીય અને સામાજિક આગેવાનોએરખડતાપશુઓનીસમસ્યા દૂર કરવા માટે સર્વ સમંતી સાધીને તેનો ઉકેલ શોધવાની જરૂર છે.

અમરેલી શહેરમાં નાગરિકો ઘરની બહાર નીકળવામાં રખડુશ્વાન, ગાયકેઆખલાથીથરથર કાંપી રહી છે અને સમગ્ર વહીવટીતંત્ર આ બાબતે ગંભીર ન માને તે બાબત અતિદુઃખદાયકબનીછે.

### સાવરકુંડલા પંથકની ઘટના

## ૧૫ વર્ષની તરૂણીને શિહોર પંથકનો શખ્સ લગ્નની લાલચ આપી ભગાડી ગયો

**બનાવ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાતા તપાસ શરૂ**

અમરેલી, તા. ૧૦

શિહોર ગામે રહેતા અર્જુનભાઈ શંકરભાઈ વાઘેલા નામના આરોપીએસાવરકુંડલાતાલુકાનાગ્રામ્ય વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષ ૧૦ માસની સગીર વયની તરૂણીને તા. ૩૧ના રાત્રે ૧૧ થી તા. ૧ના સવારે ૬ દરમ્યાન લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી બદકામ કરવાના ઈરાદે ભોગ બનનારના ગામેથી કોઈ પણ રીતે વાલીપણામાંથી ભગાડીને લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

### ચકકરગઢ રોડ પર રહેતી

## અમરેલીની તરૂણીને ઘોઘા પંથકનો શખ્સ લલચાવી ફોસલાવી ભગાડી જતાં ફરિયાદ

**ભોગ બનનાર તરૂણીનાં પિતાએ પોલીસને જાણ કરી**

અમરેલી, તા. ૧૦

ઘોઘા તાલુકાના નવા રતનપર ગામે રહેતા વિજય વિનોદભાઈ મકવાણા નામના આરોપીએ તા. ૨૬ના ૧૨ વાગ્યા પછી કોઈપણ સમયે અમરેલીના ચક્કરગઢ ચોકડી બાયપાસ પાસે રહેતી ભોગ બનનાર નાની ઉંમરની છે તેવું જાણવા છતાં તેણીને લલચાવી ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી તેની સાથે ગંદુ કામ કરવાના ઈરાદે તેણીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ નોંધાઈ છે.

### અમરેલીની એડીશ્નલ ડીસ્ટ્રીક્ટ કોર્ટમાં કેસ ચાલી જતા

## વડિયાનાં તત્કાલીન પીએસઆઈ બી.એમ. આહીરનો આરોપીને માર મારવાનાં ગુન્હામાં નિર્દોષ છુટકારો

**સીનિયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૧૦

વડિયાનાં તત્કાલીન પીએસઆઈ બી.એમ. આહીરનો આરોપીને માર ારવાનાં ગુન્હામાં નિર્દોષ છુટકારો થયો છે.

વિગત એવા પ્રકારની છે કે, ગત તા. ૧૨/૩/૨૦૦૨ ના રોજ આ કામના ફરીયાદી ધર્મરાજભાઈ વાળાની ફરીયાદ પોલીસ સ્ટેશનના ગુન્હા રજી. નં. સેકન્ડ ૯/૨૦૦૨ આઈ.પી.સી.

અનુસંધાન પાના ૬ ઉપર





### અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતા

## બાબરા પોલીસ સ્ટેશનનાં અપહરણનાં ગુન્હાના આરોપીનો નિર્દોષ છુટકારો થયો

**એડવોકેટ હરનીલ ત્રિવેદીની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૧૦

બાબરા પો.સ્ટે.માં નોંધાયેલ અપહરણનાં ગુન્હાનો કેસ અમરેલીની સ્પે. પોકસો કોર્ટમાં કેસ ચાલી જતાં એટવોકેટ હરનીલ ત્રિવેદીનાં સફળ દલીલોના આધારે આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે

વધુ વિગત એવા પ્રકારની છે કે, આ કામે બાબરા કરીયાણા રોડ

અનુસંધાન પાના ૬ ઉપર













સ્ટાફની જરૂર છે

કમ્પ્યુટર ઓપરેટર

સેલ્સમેન

સેલ્સ ગર્લ્સ

અનુભવી તેમજ બીન અનુભવી વ્યકિતઓએ રુબરૂ સંપર્ક કરવો

નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)

માણેકપરા, અમરેલી (૦૨૭૯૨) ૨૨૩૫૫૭

મો.૯૬૦૧૮ ૯૮૯૮૧ / મો.૯૮૨૫૦ ૯૧૭૨૧





*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)